પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૬, કુલ પાના:૪, તારીખ: ૦૯-૦૯-૨૦૨૦ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 16 PRICE :-RS. 1.50 DATE : 09-09-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### WHOના પ્રમુખની ચેતવણી

## કોરોના બાદ દુનિયા બીજી મહામારી માટે તૈયાર રહે

મુંબઈ,

વિશ્વ આરોગ્ય સંગઠનએ આખી દુનિયાને ચેતવણી આપી છે કે તેઓ બીજી મહામારી માટે તૈયાર રહે. કોરોના વાયરસના સંક્રમણ અને તેની અસરોને જોતા હુંના વડા ડૉ.ટેડ્રોસ અધનોમ ગ્રેબેસીસે સોમવારે મોડી સાંજે જણાવ્યું હતું. ટેડ્રોસે એમ પણ કહ્યું હતું કે દુનિયાભરના દેશોએ આગામી મહામારી પહેલા પબ્લિક હેલ્થમાં ઘણા પૈસાનું રોકાણ કરવું જોઈએ નહીં તો કોરોના જેવી સ્થિતિની આશંકા છે. ડૉ.ટેડ્રોસે કહ્યું કે નોવેલ કોરોનાવાયરસના લીધે ૨.૭૧ કરોડ લોકો સંક્રમિત થયા અને ૮.૮૮ લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. કોવિડ-૧૯ એ ફક્ત ડિસેમ્બર ૨૦૧૯ થી અત્યાર સુધીમાં વિશ્વની આ સ્થિતિ બનાવી છે. હજુ પણ ઘણા દેશોમાં તેની ભયાનકતા વધી રહી છે. તેને નિયંત્રિત કરવું મુશ્કેલ થતું દેખાઈ રહ્યું છે. હુંના પ્રમુખે જીનીવામાં એક પ્રેસ બ્રીફિંગ દરમ્યાન કહ્યું કે આ કોઈ છેલ્લી મહામારી નથી. ઈતિહાસ અનેક મહામારીઓનું સાક્ષી રહ્યું છે. આ મહામારીઓ જીવનની હકીકત છે.



આ સમાપ્ત થતી નથી. પરંતુ તેની પહેલાં કે દુનિયા બીજી મહામારી પર હુમલો કરે તેની પહેલાં આપણે સંપૂર્ણ તૈયારી કરી લેવી જોઈએ. દુનિયાભરના દેશોને સંભવિત બીમારીઓ માટે રસી અને દવાઓ પર મળીને રિસર્ચ કરવું જોઈએ. જાહેર આરોગ્યમાં વધુને વધુ નાણાં રોકવા જોઈએ. રસી અને દવાઓના તાત્કાલિક ઉત્પાદન અને બજારમાં લાવવાની વ્યવસ્થા કરવી જોઈએ જેથી જ્યારે પણ કોઈ મહામારી ફેલાય તો તેને તરત જ કાબૂમાં કરી શકાય. હુંના એક એક્સપર્ટે સ્પષ્ટ કહ્યું છે કે આ વર્ષના અંત સુધીમાં કોઈ રહેશે. પરંતુ એ થશે નહીં. ઓક્સફર્ડ યુનિવર્સિટીની રસીથી યુરોપ, અમેરિકા, મેક્સિકો અને રશિયાને સૌથી વધુ અપેક્ષાઓ હતી. રિસર્ચર્સ ખૂબ જ ઝડપથી કામ કરી રહ્યા છે. જેથી રસી બનાવી શકાય. પરંતુ આ વર્ષના અંત સુધીમાં આ રસી બજારમાં ઉપલબ્ધ થશે નહીં.

### દેશને હેલ્થ સિસ્ટમમાં વધારે રોકાણ કરવાની આપી સલાહ

કોરોના વાયરસની રસી મળી શકશે નહીં. લોકોને આશા હતી કે ઓક્સફર્ડ યુનિવર્સિટીની રસી લોકોને મળી ડબ્લ્યુએચઓના ઈમરજન્સી પ્રોગ્રામના વડા માઈક રિયાને જણાવ્યું હતું કે વિશ્વભરના માઈક રિયાને જણાવ્યું હતું કે જે પણ રસી આવશે તે આવતા વર્ષે એટલે કે ૨૦૨૧ના શરૂઆતના મહિનામાં આવશે. તેમણે વધુમાં કહ્યું કે અત્યારે દરરોજ કોરોનાના કેસ સામે આવી છે તે રેકોર્ડ તોડી રહ્યું છે. માઈક હાલમાં હુંની એ ટીમના વડા છે જે જોશે કે વિશ્વના તમામ દેશોને યોગ્ય સમયે રસી યોગ્ય માત્રામાં મળે. રિયાને કહ્યું કે અત્યારે વિશ્વભરના વૈજ્ઞાનિકો ઝડપથી રસી બનાવવામાં વ્યસ્ત છે. તેઓ શ્રેષ્ઠ કામ કરી રહ્યા છે.

## ૧૧ અને ૧૨ સપ્ટેમ્બરે ભારેથી અતિભારે વરસાદની આગાહી

અમદાવાદ,

ગુજરાતમાં ફરી વરસાદી માહોલ જોવા મળી શકે છે. હવામાન વિભાગના મતે દક્ષિણ ગુજરાતમાં છૂટા છવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે ૧૧ અને ૧૨ સપ્ટેમ્બરે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય કેટલાંક વિસ્તારમાં ભારે વરસાદની શક્યતા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૨૧ ટકા જેટલો વરસાદ ખાબકી ચૂક્યો છે, ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે ૩૦ સપ્ટેમ્બર સુધી વરસાદ ચાલું રહી શકે છે. ઓગસ્ટ મહિનાની સાથે રાજ્યમાંથી જાણે ધોધમાર વરસાદે પણ વિરામ લઈ લીધો હોય તેમ દિવસે ગરમીનો વર્તારો શરૂ થઈ ગયો છે. એક મહિના સુધી રાજ્યમાં સતત વરસાદી માહોલ રહેવા છતાં બફારો અને ઉકળાટ ઓછો થતો નથી.



ત્યારે ભાદરવાની આ ગરમી વચ્ચે ફરીથી રાજ્યમાં વરસાદી માહોલ સર્જાવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે. ૧૦મી સપ્ટેમ્બરને ગુરુવારથી ત્રણ દિવસ દરમિયાન રાજ્યના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં પણ લાંબા વિરામ બાદ વરસાદની ફરી એન્ટ્રી થશે. હળવા વરસાદની સાથે સાથે પ્રતિ કલાકે ૪૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. હવામાન ખાતાએ કરેલી આગાહી પ્રમાણે, તા.૧૦મી સપ્ટેમ્બરના રોજ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી તેમજ મહીસાગર, સુરત, નવસારી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલીમાં હળવો વરસાદ પડશે. તા.૧૧ સપ્ટેમ્બરના રોજ દમણ, દાદરા નગર હવેલી, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં વરસાદ પડશે. તા.૧૨ સપ્ટેમ્બરના રોજ દમણ, દાદરા નગર હવેલી, ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ, રાજકોટ, જૂનાગઢ, સુરેન્દ્રનગર, દીવ, કચ્છ, નવસારી, વલસાડમાં ગાજવીજ સાથે વરસાદ પડશે.

## સોમનાથ- કોડીનાર રેલવે લાઈનનો ઉગ્ર વિરોધ, ખેડૂતો લડી લેવાના મૂડમાં



સોમનાથ,

ઔદ્યોગિક હેતુ માટે રેલવે લાઈન નખાતી હોવાના આક્ષેપ સાથે ખેડૂતોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. આ વાત છે ગીર સોમનાથના ખેડૂતોની. જેઓ સોમનાથથી કોડીનારની રેલવે લાઈનનો ઉગ્ર વિરોધ કરી રહ્યા છે. સોમનાથથી કોડીનાર રેલવે લાઈન નાખવાને લઈને ખેડૂતોમાં ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે. ખેડૂત એક્તા મંચ, રેલવે અધિકારી અને ડે.કલેકટરની સમાધાન મિટીંગ યોજાઈ. પરંતુ કોઈ સમાધાન ન થયું. ખેડૂતોએ એક જ સૂરમાં લડી લેવાની હાકલ કરી. સુત્રાપાડા ના ૧૧ ગામોના ખેડૂતો પ્રભાવિત થાય છે.

કોડીનાર અને વેરાવળ મળી કુલ ૨૦ જેટલા ગામોના ખેડૂતોની જમીન સંપાદન થવાની છે. જેથી ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે. ખેડૂતોએ કોઈપણ ભોગે રેલવે લાઈન ન નાખવા દેવા હાંકલ કરી છે જરૂર પડે તો આંદોલનની પણ તૈયારી દર્શાવી છે. ખેડૂતોનું કહેવું છેકે ૪૦ કિલોમીટરની બ્રોડગેજ લાઈન લોકો માટે નહીં પણ આ ઉદ્યોગ હેતુ માટે બનાવાય રહી છે. કોડીનાર,વેરાવળ પેસેન્જર ટ્રેન હતી તે બંધ કરી દેવામાં આવી છે અને કંપનીઓને ફાયદો પહોંચાડવા માટે માટે આ રેલ્વે લાઈન નાખવામા આવે છે. સોમનાથ થી કોડીનાર રેલ્વેલાઈન ખાસ ઓધોગીક હેતુ માટેની છે એવો આક્ષેપ ખેડૂત એકતા મંચે કર્યો છે. ત્યારે હાલ તો ખેડૂતો જાન આપીશું પણ જમીન નહીં ના સુત્રોચ્ચાર સાથે આકરા મૂડમાં જોવા મળ્યા છે.

## સંજય રાઉત બન્યા શિવસેનાના મુખ્ય પ્રવક્તા

મુંબઈ,

સંજય રાઉત અને કંગના રનૌત વચ્ચે વિવાદ સર્જાયો છે. કંગનાએ મુંબઈ પોલીસ વિશે નિવેદન આપ્યું હતું. જે બાદ સંજય રાઉતે તેને વળતો જવાબ આપ્યો હતો. આ દરમિયાન અપશબ્દોનો પ્રયોગ પણ કર્યો હતો, જે બાદ વિવાદ સર્જાયો હતો. સંજય રાઉત સિવાય શિવસેનાએ અન્ય નેતાઓને પણ પ્રવક્તા બનાવ્યા છે. જેમાં લોકસભા સાસંદ અરવિંદ સાવંત, ધૈર્યશીલ માને, રાજયસભા સાસંદ પ્રિયંકા



ચતુર્વેદી, મહારાષ્ટ્ર સરકારમાં પ્રધાન ઉદય સામંત, અનિલ પરબ, ગુલાબરાવ પાટિલ, સુનીલ પ્રભુ,પ્રતાપ સારનાયક અને કિશોરીને પ્રવક્તા તરીકે નિમુણક કર્યા છે.

## ગુજરાતની જેલોમાં સબડતાં વિદેશી કેદીમાં સૌથી વધુ ૬૧ પાકિસ્તાની

અમદાવાદ,

ગુજરાતની જેલોમાં સજા ભોગવી રહેલા પાકા કામના અને કાચા કામના અન્ડર ટ્રાયલ વિદેશી કેદીઓની કુલ સંખ્યા ૯૫ છે, જેમાં સૌથી વધુ ૬૧ પાકિસ્તાની કેદીઓ ગુજરાતની જેલોમાં બંધ છે, આખા દેશમાં ગુજરાતમાં જ પાકિસ્તાની કેદીઓની સંખ્યા સૌથી વધુ છે, એ પછી બીજા ક્રમે પંજાબમાં ૩૩ પાકિસ્તાની કેદી અને ત્રીજા ક્રમે ઉત્તરપ્રદેશમાં ૨૮ અને ચોથા ક્રમે જમ્મુ-કાશ્મીરની જેલોમાં ૨૫ કેદી, રાજસ્થાનની જેલમાં ૧૧ કેદી બંધ છે. ગુજરાતમાં વિદેશી કેદીઓમાં બીજા ક્રમે નાઈજીરિયાના ૧૨ અને ત્યાર બાદ બાંગ્લાદેશના ૭ કેદી જેલોમાં બંધ છે. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યૂરો (એનસીઆરબી)ના વર્ષ ૨૦૧૯ના લેટેસ્ટ રિપોર્ટમાં આ માહિતી બહાર આવી છે.



એનસીઆરબીએ ૩૧મી ડિસેમ્બર ૨૦૧૯ની સ્થિતિના આ આંકડા આપ્યા છે. અન્ય રાજ્યો પણ જમીન સીમાથી જોડાયેલા છે, જોકે તેમની સરખામણીએ ગુજરાતમાં સૌથી વધુ કેદી છે. રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં સજા પામેલા ૩૬ અને અન્ડર ટ્રાયલ ૨૫ પાકિસ્તાની કેદી જેલમાં છે, જ્યારે પંજાબમાં ૧૩ પાકા કામના, ૨૦ અન્ડર ટ્રાયલ, ઉત્તરપ્રદેશમાં ૧૫ સજાવાળા તો ૧૩ અન્ડર ટ્રાયલ, જમ્મુ-કાશ્મીરમાં એક સજા પામેલ તો ૨૪ કાચા કામના કેદી જેલમાં છે. દેશમાં કુલ કાચા કામના ૧૦૯ અને પાકા કામના ૯૪ એમ કુલ ૨૦૩ કેદીઓ પાકિસ્તાની છે,

જેમાં સૌથી વધુ ૬૧ પાકિસ્તાની કેદી ગુજરાતમાં કેદ છે. ગુજરાતમાં નેપાળના બે અને અન્ય દેશોના ૧૩ કેદી છે. ૯૩ પુરુષ અને ૨ મહિલા સામેલ છે. ઈન્ડિયન પાસપોર્ટ એક્ટ હેઠળના સૌથી વધુ ૩૬ પાકા કામના કેદી ગુજરાતની જેલમાં છે. એનસીઆરબીના રિપોર્ટ પ્રમાણે ગુજરાતની વિવિધ જેલોમાં સ્ટાફની મંજૂર થયેલી ૩,૪૪૫ જગ્યામાંથી ૨,૪૫૧ જગ્યા ભરાયેલી છે, જ્યારેરૂ ૯૯૪ જગ્યા હજુય ખાલી છે એટલે કે ૨૯ ટકા જેટલા સ્ટાફની જગ્યા ખાલી છે, જેમાં સુપરિન્ટેન્ડેન્ટ, જેલર, ડેપ્યુટી જેલર વગેરેની જગ્યા ખાલી છે.

## લદાખમાં ભારત-ચીનના સૈનિકો વચ્ચે ફરી હિંસક અથડામણ, સરહદ પર ગોળીબાર થયાના આક્ષેપો

લદાખ,

ભારત અને ચીન વચ્ચે સરહદ પર તણાવ ઓછો થવાની કોઈ આશા દેખાતા નથી. સોમવારે મોડીરાત્રે ચીને ભારતીય સૈનિકો પર સરહદ પાર કરીને ફાયરિંગ કરવાનો આરોપ લગાવ્યો હતો. એવો દાવો કરવામાં આવે છે કે તાજી અથડામણ લદાખના પેંગોગ ત્સો તળાવના દક્ષિણ છેડે એક પહાડ પર થઈ હતી. ચાઈનીઝ અખબારે ચીની આર્મીના વેસ્ટર્ન થિયેટર કમાન્ડના પ્રવક્તાના હવાલે પેંગોગ ત્સો નજીક અથડામણનો દાવો કર્યો છે. અખબારે લખ્યું છે કે, 'ભારતીય સેનાએ પેંગોંગ ત્સો તળાવના દક્ષિણ છેડાની નજીક શેનપાઓ પહાડ પર એલ.એ.સી.ને પાર કર્યું. અખબારે વધુમાં લખ્યું છે કે ભારતીય



સૈનિકોએ વાતચીતની કોશિષ કરી રહેલા પીએલએના સરહદ પેટ્રોલિંગ સાથે જોડાયેલા સૈનિકો પર વોર્નિંગ શોટ ફાયર કર્યું ત્યારબાદ ચીની સૈનિકોએ પરિસ્થિતિને કાબૂમાં લેવા પગલાં ભરવા પડ્યાં હતાં.

દરમ્યાન પીએલના વેસ્ટર્ન થિયેટર કમાન્ડરના પ્રવક્તા ઝાંગ શુઈએ ભારત પર આરોપ લગાવતા કહ્યું કે ભારતીય પક્ષે દ્વિપક્ષીય કરારનું ઉલ્લંઘન કર્યું છે. આનાથી વિસ્તારમાં તણાવ અને ગેરસમજો વધશે. આ ગંભીર લશ્કરી ઉશ્કેરણી છે. ઝાંગે વધુમાં કહ્યું કે અમે ભારતીય પક્ષ તરફથી ખતરનાક પગલાં રોકવા અને ફાયરિંગ કરનાર વ્યક્તિને સજા આપવાની માંગણી કરી છે. સાથો સાથ ભારતે સુનિશ્ચિત કરવું જોઈએ કે આવી ઘટનાઓ ફરીથી ન થાય. પીએલએના પશ્ચિમી કમાન્ડના સૈનિકો તેમની ફરજોનું પાલન કરશે અને રાષ્ટ્રના પ્રાદેશિક સાર્વભૌમત્વનું રક્ષણ કરશે. આ અથડામણના સમાચાર અંગે ભારત સરકાર કે સેના તરફથી કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી. પરંતુ સમાચાર એજન્સી એએનઆઈ એ પણ પૂર્વી લદાખ સેક્ટરમાં એલએસી નજીકના તણાવવાળા વિસ્તારમાં ભારત-ચીન સૈનિકો વચ્ચે ફાયરિંગ થયાનો દાવો કર્યો છે.

ચીનની નાપાક હરકતોનો જવાબ આપતા થોડા દિવસ પહેલાં ભારતીય સૈનિકોએ પેંગોંગ ત્સો તળાવના દક્ષિણ કાંઠે એક મહત્વપૂર્ણ શિખર કબ્જે કરી લીધું હતું અને ઘૂસણખોરીનો પ્રયાસ કરતાં પીએલએના જવાનોને પીછેહઠ કરવા દબાણ કર્યું હતું. નોંધપાત્ર વાત એ છે કે લદાખના ગલવાન ઘાટીમાં જૂનમાં ચીનના સૈનિકો સાથેની અથડામણમાં કમાન્ડિંગ ઓફિસર સહિત ૨૦ ભારતીય જવાનો શહીદ થયા હતા. જો કે આ અથડામણમાં પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)ના કેટલા લોકો માર્યા ગયા તે અંગે ચીન દ્વારા કોઈ માહિતી આપવામાં આવી નથી.

## મહારાષ્ટ્રના નાસિકમાં ફરી અનુભવાયા ભૂકંપના આંચકા, ૩.૮ની તીવ્રતા નોંધાઈ




મુંબઈ,

મહારાષ્ટ્રના નાસિકથી ૧૦૩ કિમી દુર પશ્ચિમી વિસ્તારમાં મગંળવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપના આંચકા આજે સવારે ૯.૫૦ વાગ્યે અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૮ નોંધાઈ હતી.નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીએ ભૂકંપની પુષ્ટિ કરી છે.

## મધ્યપ્રદેશમાં સ્ટેમ્પ ડ્યૂટીનો દર ૩%થી ઘટાડી ૧% કરાયો

ભોપાલ,

મધ્યપ્રદેશ સરકારે સ્ટેમ્પ ડ્યૂટીનો દર ૩ ટકાથી ઘટાડી ૧ ટકા કર્યો છે. અગાઉ મહારાષ્ટ્ર સરકાર પણ આવો ઘટાડો કરી ચૂકી છે. ગુજરાત સરકારે હજુ જાહેરાત કરી નથી. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું કે શહેરી ક્ષેત્રોમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા દસ્તાવેજ નોંધણી ફીમાં ઘટાડો કરાયો છે. કોરોનાને કારણે આર્થિક ગતિવિધિ સ્થગિત થઈ ગઈ છે. રિયલ એસ્ટેટ ક્ષેત્ર પણ તેમાંથી બાકાત નથી. આ ક્ષેત્રને ઉત્તેજન આપવા આ નિર્ણય લેવાયો છે. આ ૩૧ ડિસેમ્બર સુધી અમલી રહેશે.

## અંડમાન-નિકોબારમાં ફરી અનુભવાયો ભૂકંપનો ઝટકો

અંડમાન,

અંડમાન-નિકોબારમાં એકવાર ફરી ભૂકંપનાં ઝટકાનો અનુભવ થયો છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીનાં જણાવ્યા અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪ માપવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્ર દિગલીપુરથી ૨૦ કિમી દક્ષિણ-પૂર્વમાં સ્થિત હતું. મળતી માહિતી મુજબ સોમવારે મોડી રાત્રીનાં ૩ વાગ્યે અંડમાન-નિકોબારમાં ભૂકંપ આવ્યો હતો. આ પહેલા રવિવારે પણ સવારે અંડમાન-નિકોબારમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા.

સવારે ૬.૩૮ કલાકે અંડમાન-નિકોબારમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીનાં જણાવ્યા અનુસાર રવિવારે આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૩ હતી. ભૂકંપની ઉંડાઈ ૮૨ કિલોમીટર હતી. આપને જણાવી દઈએ કે, છેલ્લા કેટલાક દિવસોમાં મહારાષ્ટ્રનાં પાલઘરમાં ભૂકંપનાં ઝટકા અનુભવાઈ રહ્યા છે. ધરતીની અંદર જ્યારે પ્લેટ્સની ટક્કર થાય છે ત્યારે ભૂકંપ આવે છે. ધરતીની અંદર ૭ પ્લેટ્સ છે જે સતત ફરતી રહે છે. જ્યારે આ પ્લેટ્સ કોઈ જગ્યાએ ટકરાય છે, જેના કારણે ફોલ્ટ લાઈન ઝોન બની જાય છે અને સપાટીના ખૂણા વળી જાય છે.

## ભાજપના પ્રદેશ પ્રમુખ CR પાટીલ થયા કોરોના સંક્રમિત



ગાંધીનગર,

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ પણ હવે કોરોના સંક્રમિત થયા છે. પાટીલને ગાંધીનગરની અપોલો હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ભાજપ પ્રદેશ પ્રમુખના કાર્યક્રમમાં જોડાયેલા ભાજપના નેતાઓ અને કાર્યકરોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. સૌરાષ્ટ્રમાં પણ સી.આર. પાટીલના પ્રવાસ બાદ કોરોનાનો રાફડો ફાટ્યો હતો. કોરોના મહામારીમાં પણ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનો પ્રવાસ ખેડી તેમણે પોતે જાણે કોરોનાને નોતરૂં આપ્યું હોય તેવું લાગી રહ્યું હતું. અત્યાર સુધીમાં સી.આર પાટીલની રેલીમાં ગયેલા મોટા ભાગના ધારાસભ્યો અને કાર્યકર્તાઓ કોરોના સંક્રમિત થઈ ચૂક્યા છે.

સી.આર. પાટીલની રેલીનો આ પહેલા વિપક્ષના લોકો વિરોધ કરી ચૂક્યા છે. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે પ્રમુખ પદ સંભાળ્યા બાદ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસ દરમિયાન કાર્યકર્તાઓ દ્વારા કોરોના મહામારીની સરકારી ગાઈડલાઈનનું પાલન ન થયુ હોવાની બૂમો પડી હતી. વિપક્ષે પણ પાટીલના પ્રવાસ પર ગણા પ્રહારો કર્યા હતા. કોરોના મહામારીમાં પણ પાટીલ દ્વારા સભાઓ યોજવાામાં આવી હતી. બાદમાં પાટીલની સભાઓમાં હાજરી આપનારા કેટલાક ધારાસભ્યો અને કાર્યકર્તાઓ પણ કોરોના સંક્રમિત થયા હતા.

ત્યાં જ સી.આર. પાટીલે ટ્વીટ કરી કહ્યું હતું કે, મારી તબિયત સારી છે. મારો એન્ટીજન ટેસ્ટ નેગેટીવ આવ્યો છે. આરટી-પીસીઆરનો રિપોર્ટ પેન્ડીંગ છે. અત્યારે હું સંપૂર્ણ સ્વસ્થ છું. મળેલી માહિતી અનુસાર સી.આર પાટીલનો આરટી-પીસીઆરનો રિપોર્ટ રાત્રે ૮ વાગે આવવાનો છે. સોશિયલ મીડિયામાં પણ સી.આર પાટીલની રેલીઓના ફોટો ખુબ જ વાયરલ થયા હતા અને યૂઝર્સ એવી પણ ચર્ચા કરતા હતા કે ક્યાંક ને ક્યાંક સી.આર. પાટીલ કોરોના મહામારીને નોંતરૂં આપી રહ્યા છે. તો કેટલાક યૂઝર્સ આ રેલીઓને અટકાવવાની પણ માંગ કરતા હતા. જોકે હવે સી.આર પાટીલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે ત્યારે બીજેપી કાર્યકર્તાઓ તેમના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી રહ્યા છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં ૧૫ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.



**- અત્યાર સુધી જિલ્લામાં કોરોના ના કુલ ૭૪૮ પોઝીટીવ કેસ નોંધાયા.**
**- આજે ૦૬ દર્દી સ્વસ્થ થતા રજા આપવામાં આવી.**

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૫ પુરુષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૮-૦૯-૨૦૨૦ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૭૪૮ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, વિરપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૨ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૬૪૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૨૯ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૩૭ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૩૧૧૯૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૩૮૦ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૬ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૦૯ દર્દી હોમ આઈસોલેશન, ૦૨ પ્રાઈવેટ હોસ્પિટલ અમદાવાદ, ૦૩ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૧૦ દર્દી SDH સંતરામપુર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૫૬ દર્દીઓ સ્ટેબલ અને ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

# મહીસાગર જીલ્લામાં ધન્વંતરી રથ દ્વારા RTPCR અને રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા

લુણાવાડા,

કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા-તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આમ છતાં પણ હજુ નાગરિકો તેને ગંભીરતાથી નથી લઈ રહ્યા જેથી નાગરિકોમાં ગંભીરતા આવે અને તેઓમાં જાગૃતિ આવે તેમજ કોરોના વાયરસના સંક્રમણને વધુ ફેલાતો અટકાવી શકાય તે હેતુથી સંબંધિત તાલુકાના લાયઝન અધિકારી, તાલુકા હેલ્થ ઓફિસર, મામલતદારના માર્ગદર્શન હેઠળ ઉંદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દ્વારા (પીન્સ સ્પોટ) કસલાલ અને ચાંપેલી તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિરણીયા દ્વારા મોટા ડોકવા ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને આરબીએસકેની આરોગ્યની ટીમ દ્વારા નાગરિકોના આરોગયની ચકાસણી કરવાની સાથે આરટીપીસીઆર અને રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

આ કામગીરી અંતર્ગત કસલાલ અને ચાંપેલી ગામાં ૪૯ રેપીટ એન્ટીજન ટેસ્ટ અને મોટા ડોકવા ગામમાં આરટીપીસીઆરના-૩૦ અને રેપીડ એન્ટીજનના ૩૧ ટેસ્ટ કરવામાં આવ્યા હતા જે તમામ સેમ્પલ નેગેટીવ આવ્યા હતા.

આમ, જિલ્લાના આરોગ્ય તંત્રના તમામ આરોગ્ય કર્મીઓ જિલ્લામાં કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે અવિરતપણે તેઓની ફરજો અદા કરવાની સાથે તમામને સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્કની ઉપયોગીતા અને સેનેટાઈઝરના ઉપયોગ વિશે તેમજ માસ્ક પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવા અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા સમજાવવામાં આવી રહ્યા છે.

# પાવાગઢ માંચી ખાતે જીપ ચાલકે પોલીસ હેડ કો.વિરૂદ્ધ આક્ષેપ સાથે ફરિયાદ કરી

હાલોલ,

પાવાગઢ માંચી ખાતે જીપ ચાલકને પાવાગઢ પોલીસ મથકના તત્કાલિન પોલીસ હેડ કોન્સ્ટેબલ એ પોલીસની હાજરીમાં અપશબ્દો બોલી તુ ડી.એસ.પી.નો બાતમીદાર થઈ મારી કરાવી નાંખી છે હુ તારા પરિવારને બર્બાદ કરી દઈશ અને એસ.ઓ.જી.એલ.સી.બી.માં આવ્યા પછી તને બંદુકના કેસ કે અન્ય કેસમાં ફસાવી દઈશની ધમકી આપી હોવાના આક્ષેપ જીપ ચાલકે કર્યો હતો. જીપ ચાલકે ધમકી આપનાર માથાભારે હેડ કોન્સ્ટેબલ વિરુદ્ધ કાર્યવાહી કરવા પાવાગઢ પોલીસ મથક સહિત રેન્જ આઈ.જી.જિલ્લા પોલીસ વડા, હાલોલ ડી.વાય.એસ.પી.અને રાજયમંત્રી જયદ્રથસિંહ પરમાર ને આક્ષેપ કરતી લેખિત ફરિયાદ કરતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પાવાગઢ પટેલ ફળિયાના જીપ ચલાવી ગુજરાન ચલાવતા નરેશ કુમાર ઉર્ફે નરસિંહ સોહનલાલ શર્મા પાવાગઢ માંચી ખાતે પોલીસ તંબુ પાસે પોલીસકર્મીઓ સાથે ઉભા હતા ત્યારે થોડા સમય પહેલા જ પાવાગઢ પોલીસ મથકમાંથી બદલી થઈ દામાવાવ પોલીસ મથકમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ સોમાભાઈ અર્જુનભાઈ ખાટ બ નં-૧૦૮૩ના આવી નરેશ શર્માને અપશબ્દો બોલી કહેવછા લાગ્યા કે તુ ડી.એસ.પી.નો બાતમીદાર છુ તમે લોકો ભેગયા થઈ મારી બદલી કરાવી પણ તુ કાન ખોલીને સાંભળી લે આની તારે કિંમત ચુકવવી પડશે હું તારા પરિવારને બર્બાદ કરી નાંખીશ...ડીએસપી અને સિંગ કેટલો સમય રહેવાના છે એ લોકોના ગયા પછી તને કોણ બચાવશે ? હું ટુંક સમયમાં જિલ્લા એસ.ઓ.જી. એલ.સી.બી.માં જવાનો છુ અધિકારીઓ મારા અંગત છે તને રિવોલ્વર અને ચોરી જેવા ગંભીર ગુનાઓમાં ફસાવી દઈશ તને મારી સાથે દુશ્મની કરવી ભારે પડશે હવે તુ તારી ઘડીઓ ગણવાનુ શરૂ કરી દે...તેવા આક્ષેપ કરતી ફરિયાદ નરસિંહ શર્મા એ ખોટા કોઈ ગુનામાં ફસાવી ન દે તે માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ સોમાભાઈ ખાંટ વિરુદ્ધ કડક હાથે કાર્યવાહી કરવા સ્થાનિક પોલીસથી લઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને રાજયમંત્રી જયદ્રથસિંહ પરમાર સમક્ષ આક્ષેપ કરતી લેખિત ફરિયાદ આપ્યા બાદ પણ પરિવાર ધમકીના પગલે પારેવા ની જેમ ફફડી રહ્યુ છે.

# બાલાસિનોરમાં હોમગાર્ડ જવાનોને સેનટાઈઝર બોટલ, માસ્ક અને હોમિયોપેથીક દવાનું લાયન્સ કલબ દ્વારા વિતરણ



લુણાવાડા,

બાલાસિનોર ભીમ ભમેરડા મહાદેવ ખાતે બાલાસિનોર હોમગાર્ડ યુનિટના જવાનોને લાયન્સ કલબ દ્વારા માસ્ક, સેનેતાઈઝેર બોટલ અને હોમિયોપેથીક દવાના વિતરણનો કાર્યક્રમ નાગરિક પુરવઠા નિગમના ચેરમેન રાજેશભાઈ પાઠક અને જિલ્લા હોમગાર્ડ કમાન્ડર ભૂમિરાજસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. બાલાસિનોરના રમણીય સ્થળ ભીમ ભમેરડા મહાદેવ પરિસરમાં કોરોનાની મહામારીના સમયમાં ફરજ બજાવતા હોમગાર્ડ યુનિટ બાલાસિનોરના જવાનોને બાલાસિનોર લાયન્સ કલબ દ્વારા માસ્ક, સેનેટરાઈઝર બોટલ અને હોમિયોપેથીક દવાનુ વિતરણ ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમના ચેરમેન રાજેશભાઈ પાઠક તથા જિલ્લા હોમગાર્ડ કમાન્ડર ભૂમિરાજસિંહ સોલંકી અને ઝોન ચેરમેન લાયન્સ મનહરભાઈ ઠાકરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાલાસિનોર નગરપાલિકા પ્રમુખ ભુપેન્દ્રભાઈ ચૌહાણ, લાયન્સ કલબ ના પ્રમુખ પ્રવીણભાઈ સેવક, બાલાસિનોર પી.આઈ. એમ.બી.મછાર, બાલાસિનોર હોમગાર્ડ ઓફિસ કમાન્ડિંગ ઓફિસર એફ.એફ પઠાણ, હોમગાર્ડના પંકજભાઈ ગાંધી તેમજ મોટી સંખ્યામાં હોમગાર્ડના જવાનો ઉપસ્થિત રહ્યા હતા. સામુહિક આરોગ્ય કેન્દ્ર બાલાસિનોર દ્વારા હોમિયોપેથીક દવાઓનો સહયોગ મળ્યો હતો.

# મહીસાગર જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની બેઠક યોજાઈ




લુણાવાડા,

ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા સહાયિત રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પીવાના પાણીની સુવિધાઓમાં ગ્રામ્ય કક્ષાએ સ્વાવલંબિતતા ઉપલબ્ધ કરાવવા માટે મહીસાગર જિલ્લા સેવા સદનના સભા ખંડમાં જિલ્લા કલેક્ટર આર.બી.બારડના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વભ્છતા એકમની બેઠક યોજાય હતી.

આ બેઠકને સંબોધતા જિલ્લા કલેક્ટર આર.બી.બારડે જણાવ્યું હતું કે, ગ્રામ્ય કક્ષાએ પીવાના પાણીની સુવિધાઓ સ્વાવલંબિતતા કરવા જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ દ્વારા થયેલ રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ કાર્યક્રમ અંતર્ગતની યોજનાઓની થયેલ કામગીરી સમીક્ષા કરતા ચર્ચા વિચારણા કરી જરૂરી રચનાત્મક સલાહ સુચનો કર્યા હતા તેમજ ગ્રામ્ય કક્ષાએ પીવાના પાણીની કોઈ મુશ્કેલી ઉભી ના થાય અને જે કામગીરી પુર્ણ કરી લોકોને પીવાના પાણીની સવલતો મળી રહે તેવી તાકીદ કરી હતી. સાથે રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ કાર્યક્રમ હેઠળ સંબધિત ગામની પાણી સમિતી દ્વારા રજૂ થયેલ નવીન પાણી પુરવઠા યોજનાઓની રૂ.૫.૧૮ કરોડ ઉપરાંતની રકમના ૩૬ ગામોના કામોની સૈધ્ધાતીક મંજુરી આપી હતી જેમાં આ બેઠકમાં જિલ્લા જળ અને સ્વચ્છતા એકમના યુનીટ મેનેજર એ.જી.રાજપુરાએ રાષ્ટ્રીય પય જળ યોજના અંતર્ગત થયેલ કામગીરીની વિસ્તુત વિગતો રજૂ કરી હતી.

આ બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચંદ્રિકાબેન ભાભોર, એમજીવિસીએલના જિલ્લા જળ અને સ્વચ્છતા એકમના નિકુંજભાઈ શર્મા, જિલ્લા કોઓર્ડીનેટર શન્ની પટેલ તેમજ સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડા અને સાગાવાડાના કન્ટેન્ટમેન્ટ તથા બફર ઝોન વિસ્તારના નાગરિકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી



લુણાવાડા,

કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા- તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આમ છતાં પણ હજુ નાગરિકો તેને ગંભીરતાથી નથી લઈ રહ્યા જેથી નાગરિકોમાં ગંભીરતા આવે અને તેઓમાં જાગૃતિ આવે તેમજ કોરોના વાયરસના સંક્રમણને વધુ ફેલાતો અટકાવી શકાય તે હેતુથી સંબંધિત તાલુકાના લાયઝન અધિકારી, તાલુકા હેલ્થ ઓફિસર, મામલતદારના માર્ગદર્શન હેઠળ અર્બન હેલ્થ સેન્ટર, લુણાવાડાના આરોગ્ય કર્મીઓ દ્વારા હોમ આઈસોલેશન કરવામાં આવેલ દર્દીઓના ઘરે જઈને દર્દીઓના જ્ડઘર તેમજ થર્મલ સ્કીનીંગ કરી ચકાસણી કરવામાં આવી હતી. આજ રીતે સંઘવાડા ગામના કન્ટેનમેન્ટ અને બફર ઝોન વિસ્તારના નાગરિકોની આરોગ્યનો સર્વે કરવાની સાથે જ્ડઘર તેમજ થર્મલ સ્કીનીંગ કરી હોમિયોપેથીક આર્સેનિક આલ્બમની ગોળીઓનું વિતારણ કરવામાં આવ્યું હતું.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માલવણ વિસ્તારમાં આવેલ વિવિધ ગામોના ૨૫ કુવાઓમાં કલોરીનેશનની કામગીરી કરવામાં આવી



લુણાવાડા,

કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા- તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

કોરોનોની આ કામગીરીની સાથોસાથ વર્ષાઋતુ દરમિયાન તેમજ નવા વરસાદી પાણીના કારણે પાણીજન્ય રોગો જેવાં કે ટાઈફોઈડ, હિપેટાઈટીસ, કોલેરા, ડિસેન્ટ્રી જેવા રોગોની સામે નાગરિકોને રક્ષણ મળી રહે તેમજ તેઓની તંદુરસ્તી જળવાઈ રહે અને રોગચાળો ન ફેલાય તે હેતુસર આરોગ્ય કર્મચારીઓ દ્વારા પીવાના પાણી માટે ઉપયોગમાં લેવામાં આવતા હોય તેવા કૂવાઓનું કલોરીનેશન કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

જેના ભાગરૂપે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માલવણ વિસ્તારમાં આવેલ વિવિધ ગામોના પીવાના પાણી માટે ઉપયોગમાં લેવામાં આવતાં હોય તેવા ૨૫ કુવાઓનું કલોરીનેશન કરવાની કામગીરી કરીને ગ્રામજનોને પીવાનું શુદ્ધ કલોરીનેશનયુકત પાણી મળી રહે તેમજ પાણીજન્ય રોગો સામે રક્ષણ મળી રહે તેવી કામગીરી કરવામાં આવી હતી.

# લુણાવાડાના રામ પટેલના મુવાડા ગામે ગટર લાઈનની કામગીરીમાં ગેરરિતી આચરાઈ રહી હોવાનો આક્ષેપ

લુણાવાડા,

લુણાવાડા તાલુકાના રામપટેલના મુવાડા ગામે વર્ષોની તપસ્યા પછી ગટર લાઈનનુ કામ મંજુર થતાં ગામલોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. પરંતુ આ કામ માટે એક કરોડ રૂપિયાથી પણ વધારેનુ ગટર લાઈનનુ અને પ્રોટેકશન દિવાલનુ કામ ચાલી રહ્યુ છે પરંતુ આ ગટર લાઈનના કામોમાં કોન્ટ્રાકટર અને સરકારી અધિકારીઓની મિલીભગતથી ગેરરિતી આચરાઈ હોવાનો લોકો દ્વારા આક્ષેપ કરાઈ રહ્યો છે. ગટર લાઈનના કામમાં પાયામાંથી કાદવ પાણી કાઢ્યા વિના સીધુ જ કોંક્રિટ કરતા માર્ગ મકાન વિભાગની લાપરવાહી સ્પષ્ટપણે દેખાઈ રહી છે. ત્યારે આવી જગ્યા આ જગ્યાએ અધિકારીઓ દ્વારા ડિસીલ્ટિંગ કે ડિવોટરિંગ કર્યા વગર કેમ પરવાનગી આપવામાં આવી છે. જેવા સવાલો ગ્રામજનોમાં ઉદ્ભવી રહ્યા છે. સુપરવાઈઝર કે તંત્રના જવાબદાર અધિકારીના મોનીટરીંગય સિવાય કામ કરતા અનેક શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૦૯-૯-૨૦૨૦, બુધવાર, ભાદરવા વદ-૭
સૂર્યોદય-૬-૩૩, સૂર્યાસ્ત-૬-૫૬, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ કૃતિકા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૩૩ થી લાભ-અમૃત-૯-૩૯સુધી, ૧૧-૧૧ થી શુભ-૧૨-૪૪ સુધી, ૧૫-૪૯થી ચલ-લાભ-૧૮-૫૫ સુધી ૨૦-૨૨ થી શુભ-અમૃત-ચલ-૨૪-૪૪<br><br>- શુભ હોરા-<br>૬-૩૩ થી ૮-૩૭ સુધી, ૯-૩૯થી ૧૦-૪૦ સુધી, ૧૨-૪૪ થી ૧૫-૪૯ સુધી, ૧૬-૫૧ થી ૧૭-૫૩ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૦૯.૦૯.૨૦૨૦ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- મિત્રોની સલાહને ધ્યાનમાં લેજો જો કે નિર્ણયો લેવામાં ઉતાવળ ન કરવી સીઝનલ ધંધામાં લાભ મેળવશો.

વૃષભ(બ.વ.ઉ.) :- અધીકારી વર્ગ સાથે મહત્વની ચર્ચા વિચારણા થાય વિદેશ સાથેના વ્યવસાવમાં અનુકુળતા રહેવાની પ્રવાસ થાય.

મિથુન(ક.છ.ઘ.) :- રોજીંદા કાર્યમાં ચીવટ રાખવી ભાઈ-બહેનો સાથેના સંબંધોમાં સુમેળ વધવાનો સંસ્થાના કાર્યને લઈને મુસાફરી થાય.

કર્ક(ડ.હ.) :- પરિવારના સભ્યો તમારી ખુશમાં આવેલ થશે ઉત્સાહ વધવાનો નવી યોજનામાં તમારી મહેનતનું ફળ મળવાનું.

સિંહ(મ.ટ.) :- જમીન-મકાનના કાર્યમાં સફળતા મળવાની કર્જમાં રાહ થવાની અધિકારી વર્ગ તમારા કાયૃથી ખુશ થશે.

કન્યા(પ.ઠ.ણ.) :- તમારા નિર્ણયો યોગ્ય છે કે કેમ? તે બાબત વિચાર કરજો વિદેશથી નાણાકીય લાભ મળે સ્વાસ્થ્ય જાળવવું.

તુલા(ર.ત.) :- મન પરનો ભાર હળવો થવાનો આત્મ વિશ્વાસ વધે. નવી મિત્રતા લાભ દાયક રહેશે. ગુસ્સને કાબુમાં રાખજો.

વૃશ્ચિક(ન.ય.) :- અંધ શ્રધ્ધાથી દૂર રહેજો તમો ખૂબ જ મહેનત કરો છો તેનુ ફળ તમોને મળવાનું છે. કર્જમાં રાહત રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- તમારી જવાબદારીઓ વધવાની જુના કર્જના પ્રશ્નોને ધ્યાનમાં રાખજો. સ્વાસ્થ્ય બાબત સુધારો રહે.

મકર(ખ.જ.) :- નિર્ણયો લેવામાં અનુકુળતા રહેશે. નોકરીમાં સારી તક ઉભી થાય કાર્યભાર રહે. કાલ્પનીક વિચારો ટાળવા.

કુંભ(ગ.શ.સ.) :- આર્થિક બાબતોમાં અનુકુળતા જોવા મળે. વાંચન પ્રત્યે રૂચી વધવાની આત્મ વિશ્વાસ વધવાનો પ્રવાસનું આયોજન થાય.

મીન(દ.ચ.ઝ.) :- તબીયત બાબત ધ્યાન દેજો ભાગીદારોને સહકાર દેવો પ્રવાસમાં સાવધાની રાખવી વડીલ વર્ગની સલાહ લેજો.

# ૨૪ કલાકમાં નોંધાયા ૭૫,૮૦૯ પોઝિટિવ કેસ, ૧,૧૩૩ દર્દીનાં મોત




ન્યુ દિલ્હી,

દેશમાં રવિવાર અને સોમવારે એક જ દિવસમાં ૯૦ હજારથી વધુ કોરોનાના પોઝિટિવ કેસો નોંધાતા ચિંતા અનેકગણી વધી ગઈ હતી. પરંતુ મંગળવારે જાહેર થયેલા આંકડામાં થોડી રાહતના સંકેત જોવા મળી રહ્યા છે. આજે આ આંકડો ૭૫ હજારની આસપાસ પહોંચી ગયો છે. જેથી પોઝિટિવ કેસોમાં ૧૫ હજાર જેટલા કેસ ઓછા નોંધાયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, ૨૪ કલાકમાં ૭૫,૮૦૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોરોના વાયરસના કારણે ૧,૧૩૩ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે.

દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૪૨,૮૦,૪૨૩ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૩૩ લાખ ૨૩ હજાર ૯૫૧ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૮,૮૩,૬૯૭ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૭૨,૭૭૫ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. એકથી સાત સપ્ટેમ્બર સુધીમાં ૫ લાખ ૮૯ હજાર ૬૪૪ દર્દીઓ વધ્યા છે. છેલ્લા સાત દિવસથી સતત એક હજારથી વધુ મોત થઈ રહ્યાં છે. આ દરમિયાન ૭૪૬૩ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. જુલાઈના પ્રથમ સપ્તાહમાં ૫૦૦થી વધુ લોકોનો જીવ જઈ રહ્યાં હતા પરંતુ હવે આ આંકડો બે ગણો થઈ ગયો છે.

દેશની વસ્તીના હિસાબથી મૃત્યદર ૧.૭૦ ટકા છે. તે વિશ્વમાં સૌથી ઓછો છે. સૌથી વધુ મેક્સિકોમાં ૧૦.૭ ટકા છે. સ્પેનમાં ૫.૯ ટકા અને અમેરિકામાં ૩ ટકા છે. બીજી તરફ દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૪૨ લાખ ૭૭ હજાર ૫૮૪ થઈ છે. આ આંકડો કોવીડ૧૯ઈન્ડીયા. ઓઆરજી મુજબનો છે. સોમવારે એક દિવસમાં ૭૫ હજાર ૦૨૨ દર્દીઓ વધ્યા અને ૭૪ હજાર ૧૨૩ લોકો સ્વસ્થ પણ થઈ ગયા.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં આજરોજ ૨૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



## જીલ્લામાં સક્રિય કેસ ૧૫૫

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૨૦ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૨૮૮ ને પાર થઈ જવા પામ્યો છે ત્યારે આજે વધુ ૧૮ લોકોએ કોરાના સામે જંગ જીતતા એક્ટીવ કેસની સંખ્યા ૧૫૫ રહેવા પામી છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી ૬૨ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે ત્યારે દાહોદ જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ રેટ ૦.૭૫ ટકા રહેવા પામ્યો છે. આજના ૨૦ કોરોના કેસો પૈકી દાહોદના ૧૦ વ્યક્તિઓનો સમાવેશ થયા છે.

(૧) ચંદ્રેશભાઈ બીપીનચંદ્ર શાહ (ઉ.૫૫ રહે. દેસાઈવાડા દાહોદ), (૨) અરૂણાબેન પુષ્પેન્દ્રભાઈ વર્મા (ઉ.૫૭ રહે. ગોધરા રોડ દાહોદ), (૩) દયાવંતીબેન ઉર્ફેતસીંહ વર્મા (ઉ.૮૫ રહે. ગોધરા રોડ દાહોદ), (૪) નિસ્તાબેન ઉમેશભાઈ વર્મા (ઉ.૬ રહે. ગોધરા રોડ દાહોદ), (૫) ભવ્યાબેન ઉમેશભાઈ વર્મા (ઉ.૮ રહે. ગોધરા રોડ દાહોદ), (૬) વિનીતાબેન ઉમેશભાઈ વર્મા (ઉ.૩૦ રહે. ગોધરા રોડ દાહોદ), (૭) પુષ્પેન્દ્રભાઈ ઉરફતસીંગ વર્મા (ઉ.૬૨ રહે. ગોધરા રોડ દાહોદ), (૮) યોગેશભાઈ ભગતસિંગ બારીયા (ઉ.૫૩ રહે. જીવનદીપ સોસાયટી દાહોદ), (૯) ગારી મુકેશ હિમતભાઈ (ઉ.૨૬ રહે. લીમડી ગારીવાસ), (૧૦) વસૈયા મનોજકુમાર ભારત (ઉ.૩૭ રહે. વસૈયા માળ ફળીયા), (૧૧) બારીયા ગણપતસિંહ રાયલાભાઈ (ઉ.૨૪ રહે. માલકા ફળીયુ અગારા), (૧૨) રાવળ સસ્વતીબેન કાળુભાઈ (ઉ.૨૭ રહે. ઝાલોદ ફતેપુરા રોડ), (૧૩) સતવર ચંચળબેન નાનાલાલ (ઉ.૬૮ રહે. જનરલ હોસ્પીટલ નજીક લીમખેડા), (૧૪) સિસોદીયા ખુશી કિશોરભાઈ (ઉ.૪ રહે. જલારામ સોસાયટી ગોધરા રોડ દાહોદ), (૧૫) જૈન રોનક વિજેન્દ્રભાઈ (ઉ.૩૨ રહે. અનુ નગર સોસાયટી લીમડી ઝાલોદ), (૧૬) મોહનીયા મહેશ રાયસીંગ (ઉ.૩૨ રહે. રેલ ફળીયા ખીરખાઈ લીમખેડા), (૧૭) પવાર અજય ગિરધારીલાલ (ઉ.૨૫ રહે. અષ્ટવિનાયક સોસાયટી માળીની વાડી ઝાલોદ), (૧૮) વસૈયા અતુલભાઈ ભારતભાઈ (ઉ.૩૪ રહે. રામનગર સોસાયટી લીમડી ઝાલોદ), (૧૯) હાંડા કુંજલબેન સુરેશભાઈ (ઉ.૨૪ રહે. મુવાડા ઝાલોદ), (૨૦) લોખંડે વિવેક જયેન્દ્ર (ઉ.૪૨ રહે. અનમોલ એપાર્ટમેન્ટ ગોધરા રોડ દાહોદ) આમ, દાહોદમાં ઉપરોક્ત ૨૦ કોરોના દર્દીઓના રહેણાંક વિસ્તારોમાં દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સેનેટરાઈઝીંગ સહિતની કામગીરી હાથ ધરી દીધી છે.

# દાહોદ જીલ્લાનો મોડેલરૂપી તાલુકો દે.બારીઆમાં પ્રાંત અધિકારી તેમજ તાલુકા મામલતદાર કક્ષાની જગ્યાઓ ઈન્ચાર્જમાં કયા સુધી ચાલશે?

**- બન્ને અધિકારીઓ કચેરીમાં ગેરહાજર રહેતા લોકોના કામ અટવાતા રોષ.**
**- વહેલીતકે મહત્વના અધિકારીઓની ભરતી નહી થાય તો પ્રજા ભૂખ હડતાળ ઉપર જશે.**

દે.બારીઆ,

દાહોદ જીલ્લામાં દે.બારીઆ તાલુકો એટલે તમામ ક્ક્ષાએ મૉડેલ તાલુકો સાબિત થવો જોઈએ. પરંતુ સાબિત થયો નથી. આ મોડેલ સુધી તાલુકામાં સરકારી કચેરીઓની મુખ્ય પોસ્ટ એટલે નાયબ કલેકટર તેમજ તાલુકા એક્ઝયુકેટીવ મેજીસ્ટ્રેટની જગ્યાઓ મુખ્ય ગણાય છે. આવી અગત્યની જગ્યાઓમાં પણ છેલ્લા સાત–આઠ માસ થી મામલતદારની પોસ્ટ ઉપર કોઈ જ કાયમી મામલતદાર મૂકવામાં આવતા નથી. જેથી ઓફિસ લગતી કામગીરીમાં વિલંબ થઈ રહ્યા છે. જેવી કે, આધારની કામગીરી લોક્ડાઉનથી લઈ અનલોક લોક્ડાઉન–૪ પૂરૂં થવા આવ્યું તેમ છતાં આધાર માટે જનતા ફાંફા મારે છે. તેમજ અન્ય નીચલા ક્ષાના ર્ક્મીઓ બિંદાસ થઈ ગયા છે. આમા કોઈ જ રોક્ટોક કરવાવાળો મૂછાળો નથી. કાયમી પદઅધિકારીના હોવાના કારણે થઈ રહ્યું છે. જયારે ગત સપ્તાહ પ્રાંત અધિકારીની પોસ્ટ ઈન્ચાર્જમાં ચાલી રહી છે. તેવી વિગતો ક્હેવાશ તે પ્રશ્નાર્થ છે. બે મુખ્ય પદના અધિકારીઓની જગ્યામાં ઈન્ચાર્જથી ચાલે તથા ક્વો વહિવટ ચાલે તે એક વિચારવા જેવી બાબત છે. તાલુકાની આમ જનતા પ્રશ્ન કરી રહી છે. ક્યારે અને કેટલા સમય મર્યાદામાં આ પદ કાયમી ભરાશે કે પછી મલાઈદાર પદની જગ્યા માટે ઈન્ચાર્જ ચાલશે તેવું આમ જનતામાં ચર્ચાઈ રહયું છે. ચાર્જના અધિકારી નિયમિતપણે ક્ચેરીમાં હાજર રહેતા નથી. જેના કારણે લોકોને વિકાસના કામો અટવાઈ રહયા છે. રોજે રોજ ક્ચેરીમાં લોકો પોતાના કામો પૂર્ણ કરવાની આશા સાથે પહોંચવા છતા કામ પૂર્ણ નહી થતા રોષ વ્યાપ્યો છે. આ વહિવટ ખામી ક્યારે દૂર થશે ? દાહોદ જીલ્લાનો મૉડેલ તાલુકો રહે તેવી મોડલ થાય એવી પણ સચિવક્ષાના અધિકારીઓ પાસે લોકો આશા સેવી રહ્યા છે.

# દે.બારીઆમાં એક પણ બક્ષીપંચ જીલ્લા પંચાયતની સીટ ન મળતા કોળી સમાજ ધુવાપુવા બન્યો

**દાહોદ જીલ્લા કોળી સમાજના પ્રમુખ શુરસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં સમાજના અગ્રણીઓ દ્વારા મુખ્યમંત્રી તથા ચુટણી આયોગને રજુઆત**

દાહોદ,

દાહોદ જીલ્લા કોળી સમાજના પ્રમુખ શુરસિંહ ચૌહાણે અખિલ ભારતીય કોળી સમાજના અધ્યક્ષ અને ગુજરાત સરના મંત્રી કુવરજી બાવળીયા ને દે.બારીઆ કોળી સમાજને ન્યાય અપાવવા અપિલ કરી.

દાહોદ જીલ્લા પંચાયતની દે.બારીઆ તાલુકા વિસ્તાર જીલ્લા સભ્યની ૬ સીટીમાંથી એકપણ સીટ બક્ષીપંચને મળેલ નથી અહી તાલુકાની કુલ વસ્તીમાં ૭૫% બક્ષીપંચ વસ્તી છે. અને તેમાં ૯૦% કોળી સમાજનુ વરચસ્વ છે. છતા એકપણ સીટ બક્ષીપંચ જાહેર થઈ નથી. તેમજ વર્ષોથી દે.બારીઆ તાલુકા પંચાયત પણ આદિવાસી અનામત જાહેર થાય છે. રાજકીય રીતે કોળી સમાજનુ અસ્તિત્વ રહ્યુ નથી. દે.બારીઆ વિધાનસભા સીટ સામાન્ય રહે છે. આ સીટ ઉપર કોળી સમાજના જ ધારાસભ્ય ત્રણ ટર્મથી ચુંટાઈને હાલ ગુજરાત સરકારમાં રાજય કક્ષના મંત્રી છે. તેમજ દે.બારીઆ તાલુકાની વસ્તી ગણતરી ૨૦૧૧ મુજબ તાલુકા ગ્રામ્યની કુલ વસ્તી ૨,૨૮,૩૦૫ છે. જેમાં બક્ષીપંચની કુલ ૧,૭૧,૫૨૬ વસ્તી છે. એટલે કે ૭૫% વસ્તી ધરાવતો બક્ષીપંચ સમાજને જીલ્લામાં નેતૃત્વ હિન કરી દેવાતા જીલ્લા કોળી સમાજના પ્રમુખ શુરસિંહ ચૌહાણની આગેવાનીમાં ગાંધીચિંધ્યા માર્ગે લડાઈ લડવાની તૈયારી બતાવી છે. ટુક સમયમાં તાલુકા પંચાયતનુ પણ જાહેરનામુ આવનાર છે. છેલ્લા પાંચ ટર્મથી અહી ૨૦ % રહેતા આદિવાસી સમાજને તાલુકા પંચાયતમા સત્તા ભોગવે છે. જયારે ૭૫% કોળી સમાજ માત્ર બીચારો બનીને સહન કરી રહ્યો છે. સમાજના ધારાસભ્યને આ બાબતે ૨૦૧૫માં પણ ભારે રજુઆત કરવા છતા તેઓ પણ કંઈ જ ન કર્યુ હોવાના આક્ષેપો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે.

તાલુકા પંચાયતની બેઠકો પણ આજ પ્રમાણે ફળવાશે તો દાહોદ જીલ્લા કોળી સમાજના પ્રમુખ શુરસિંહ ચૌહાણ તથા કોળી સમાજના અગ્રણી બચુભાઈ પટેલ, ધીરૂભાઈ પટેલ, નિર્મલસિંહ ચૌહાણ, મુકેશભાઈ પટેલથી લઈ ગાંધીનગર જનારા તમામ આગેવાનો તેમજ સમાજને ઉગ્ર આંદોલન કરવા સુધીની તબક્કાવાર યોજના ઘડી રહ્યા છે. શુ ૭૫% કોળી સમાજને ન્યાય મળશે ખરો ?

# ખાનપુરના નેસડા ગામે શંકાસ્પદ હાલતમાં રોડ ઉપર પડેલા ટેમ્પામાં બોરી નીચે રાખેલ ગૌવંશ પકડાયા : આરોપીઓ ફરાર

ખાનપુર,

ખાનપુર તાલુકાના નેસડા ગામે રોડ ઉપર ટેમ્પો પંચર હાલતમાં ઉભો હતો અને ચાલક સહિતની હલચલ શંકાસ્પદ જણાતા ગ્રામજનો દ્વારા પુછવામાં આવ્યુ કે ગાડી પંચર છે છતાંય ગાડી ચાલુ ક્મ રાખવામાં આવી છે ત્યારે ડ્રાઈવરે જણાવ્યુ કે ગાડીને ધક્કો મારવો પડે એવો છે માટે ગાડી ચાલુ રાખી છે. ગ્રામજનોએ કહ્યુ કે, ગાડી બંધ કરી દે...ધક્કો અમે મારી આપીશુ અને ગાડી ચાલુ કરી આપીશુ. આમ ગ્રામજનો તેઓને પકડી પાડશે અને માર મારશે ની બીકે તેઓ ચાલુ હાલતમાં રાખીને જ ટેમ્પો છોડી ગ્રામજનોને છેતરી ભાગી ગયા હતા. ત્યારબાદ ગ્રામજનો દ્વારા ટેમ્પામાં તપાસ કરતા લસણ ભરેલી બોરીઓની નીચે બેરહેમીપુર્વક ગાયોને ચારેય પગ બાંધી ટેમ્પામાં નિર્દયતાપુર્વક બાંધેલ હતી. ગાયોને ગ્રામજનોએ ટેમ્પામાંથી બહાર કાઢી અને તાત્કાલિક વેટેનરી ડોકટરનો સંપર્ક કરી સારવાર ચાલુ કરી દીધી હતી. તથા બાકોર પોલીસને જાણ કરી પોલીસે અજાણ્યા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભગવાન ના પ્રેમનો ખેલ શું છે? : સંત રાજીન્દર સિંહજી મહારાજ



જ્યારે આપણે આ શારીરિક જીવનમાં આવીએ છીએ, ત્યારે અમને ચોક્કસ સંખ્યામાં શ્વાસ આપવામાં આવે છે. આ શ્વાસ સેકંડ, મિનિટ, ક્લાકો, દિવસો, અઠવાડિયા, મહિનાઓ અને વર્ષો દ્વારા ગણવામાં આવેલા સમયના માપ સાથે સંબંધિત છે. આ આપણી વાસ્તવિક મૂડી છે. આપણે વિચારી શકીએ છીએ કે જીવનનો સૌથી મહત્વનો ધંધો પૈસા કમાવવા અને ખર્ચ કરવા નથી. જીવનનો સૌથી મહત્વપૂર્ણ–આપેલા સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરવુ છે. આપણે અહીં આધ્યાત્મિક સંપત્તિ એકઠા કરવા આવ્યા છીએ.

આપણું જીવન એક દિવસ સમાપ્ત થઈ જશે. જો આપણે સંપત્તિ માટે સમય રોકાણ કરીને જીવનની રમત રમવાનું પસંદ કરીએ, તો આપણે કઈક પણ હાસિલ નહી કરી શકીશુ કારણ કે અંતે તે બધાને પાછળ છોડી દેવાનુ છે. જ્યારે અમારો અંતિમ શ્વાસ લેવામાં આવે છે, ત્યારે આપણે અમારૂં બેંક ખાતું અને સંપત્તિઓ ને આપણે પાછળ છોડીએ છે. સમ્પતિ તથા બેંક બેલેન્સ આ બધુ દુનિયા મા જ રેહવાંનુ છે.

# દે.બારીઆના કુવા ગામના ૩૬ વર્ષિય યુવાને કુવામાં ઝંપલાવી મોતને વ્હાલુ કર્યુ

દે.બારીઆ

દે.બારીઆ તાલુકાના કુવા ગામના ૩૬ વર્ષિય રમેશભાઈ સોકાભાઈ બારીયાએ કોઈ અગમ્ય કારણોસર કુવા ગામે આવેલ વાઘધરી કોતરના ઉંડા પાણીમાં મોતની છલાંગ મારી મોતને વ્હાલુ ર્ક્યુહતુ. ઉંડા પાણીમાં ડુબી જવાથી રમેશનુ મોત નીપજ્યુંહતુ. આ સંદર્ભે મૃતકની માતા ચંપાબેન બારીયાએ દે.બારીઆ પોલીસ મથકે જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી છે.

# ભારતીય પત્રકાર સંઘ દ્વારા દાહોદના પાંચ દિવ્યાંગ શિક્ષકોનું કરાયું સન્માન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**રાજયમંત્રી બચુભાઈ ખાબડ અને સાંસદ જસવંતસિંહ ભાભોરની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો**

દાહોદ,

શિક્ષક દિન નિમિત્તે અહીં બ્લાઈન્ડ વેલ્ફેર એસોસીએશન ખાતે એ આઈ જે ભારતીય પત્રકાર સંઘની દાહોદ પ્રશાખા દ્વારા યોજાયેલા એક વિશેષ કાર્યક્રમમાં રાજય મંત્રી બચુભાઈ ખાબડ અને સાંસદ જસવંતસિંહ ભાભોરની પ્રેરક ઉપસ્થિતિમાં પાંચ દિવ્યાંગ શિક્ષકોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. દઢ મનોબળ કુદરતે આપેલા શારીરિક અભિશાપને આશીર્વાદમાં પરિવર્તિત કરનારા શિક્ષકોમાંથી અન્ય લોકોને પ્રેરણા મળે એવા હેતુંથી આ કાર્યક્રમ યોજાયો હતો.

વ્યવસાયે શિક્ષક એવા સાંસદ જસવંતસિંહ ભાભોરે આ અવસરે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું કે, શિક્ષકકર્મ અસામાન્ય છે. શિક્ષકો ઉપર ઓજસ્વી અને ચારિત્ર્યવાન સમાજનું નિર્માણ કરવાની જવાબદારી છે. આ કાર્ય કોઇ ફેક્ટરી કે કારખાનાથી થઇ શકતું નથી. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય, તેમનામાં ઉત્તર નાગરિકગુણ સિંચન કરવાનું કાર્યશાળામાં થાય છે.

દાહોદ જિલ્લામાં શિક્ષણના જ્યોતિર્ધર ઠક્કર બાપનું પુણ્ય સ્મરણ કરી ભાભોરે જણાવ્યું કે, દિવ્યાંગતા હોવા છતાં શિક્ષકો પોતાનું શિક્ષણકર્મ સારી રીતે કરી રહ્યા છે. જે અન્ય લોકોને પણ પોતાનું કામ સારી રીતે કરતા કે જવાબદારી વહન કરવા માટે પ્રેરે છે.

તેમણે મીડિયાને દેશના વિકાસ માર્ગના સહયાત્રી ગણાવી દાહોદના મીડિયાની સકારાત્મક, રચનાત્મક ભૂમિકાની સરાહના કરી હતી અને આ કાર્યક્રમ યોજવા બદલ એ આઈ જે ભારતીય પત્રકાર સંઘને અભિનંદન પાઠવ્યા હતા.

કલેકટર વિજય ખરાડીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા સુગમ્ય ભારત અભિયાન હેઠળ દાહોદ જિલ્લામાં દિવ્યાંગોના કલ્યાણ માટે કરાયેલી કામગીરીની ટૂંકી ભૂમિકા આપી હતી અને શાળાઓમાં દિવ્યાંગોને માટે પહેલા કરતા વધુ અનુકૂળ બનાવવામાં આવી હોવાનું કહ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે એ આઈ જે ભારતીય પત્રકાર સંઘની દાહોદ પ્રશાખાના પ્રમુખ હિમાંશુ નાગરે સ્વાગત પ્રવચનમાં કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

એક શિક્ષકના નાતે સાંસદ ભાભોરનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. જયારે, મહાનુભાવોના હસ્તે દિવ્યાંગ શિક્ષકો હેતલકુમાર કોઠારી, સબુરભાઈ બારિયા, મહેશભાઈ પરમાર, રાજેશકુમાર પરમાર તથા મહેશકુમાર ચૌબિસાનું શાલ અને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આભારવિધિ ગોપાલભાઇ ધાનકાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન શેતલ કોઠારીએ કર્યું હતું.

આ વેળાએ અગ્રણી સુધીરભાઇ લાલપુરવાળા, બ્લાઈન્ડ વેલ્ફેર સંસ્થાના પ્રમુખ યુસુફીભાઇ કાપડીયા, શિક્ષક સંઘના હોદ્દેદારો, શિક્ષણજગતના અગ્રણીઓ, એ આઈ જે ભારતીય પત્રકાર સંઘ ના ગુજરાત પ્રદેશ ના ઉપ પ્રમુખ વિનોદભાઇ પંચાલ ગુજરાત ઝોન ના ઉપ પ્રમુખ સેતલ ભાઈ કોઠારી દાહોદ જિલ્લાના પ્રમુખ હિમાંશુ ભાઈ નાગર યોગેશભાઈ દેસાઈ મનિસ ભાઈ જેન રાકેશભાઈ અગ્રવાલ સચિન ભાઈ દેસાઇ સાબિર ભાઈ ભાભોર ડો ચૌધરી રાજેન્દ્ર શર્મા હરીન ચાલીચા હેમલ પંચાલ તથા પત્રકાર મિત્રો હાજર રહ્યા હતા

# દાહોદ તાલુકાના નગરાળા ગામે કોરોના સામે ચાલી રહી છે વ્યાપક જનજાગૃતિ ઝુંબેશ



દાહોદ,

દાહોદ તાલુકાના નગરાળા ગામે ગત અઠવાડિયે કોરોના સંક્રમણના બે કેસ નોંધાતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક જનજાગૃતિ, સેનિટાઇઝેશન, માસ્ક વિતરણ, ઉકાળા વિતરણ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. હાલમાં આ ગામમાં કોરોનાના બે સક્રિય કેસ છે.

દાહોદના તાલુકા વિકાસ અધિકારી ભાવેશ વસાવાએ જણાવ્યું કે, નગરાળા ગામમાં ગત અઠવાડિયે બે કોરોનાના કેસ નોંધાયા છે. કોરોનાના નવા કેસ ન ઉમેરાય તે માટે ગામમાં લોકોને કોરોના બાબતે શું સાવચેતી રાખવી તેની માહિતી આપવામાં આવી રહી છે. આ માટે રીક્ષામાં માઇક દ્વારા શેરીએ શેરીએ કોરોનાની સાવચેતી અંગે પ્રચાર કરવામાં આવી રહ્યો છે. લોકોને કોઇ પણ પ્રકારના તાવ, ઉધરસ, શરદીના લક્ષણ જણાય તો સરકારી દવાખાનામાં કે ધન્વંતરિ આરોગ્ય રથ ખાતે તપાસ કરી લેવા જણાવવામાં આવી રહ્યું છે. ગ્રામજનો સામે ચાલીને ટેસ્ટ કરાવે અને કોઇ પણ પ્રકારની અફવાથી દૂર રહે તે માટે વ્યાપક પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

ઉપરાંત નગરાળા ગામ ખાતે ગ્રામજનોને માસ્ક વિતરણ કરવામાં આવી રહ્યું છે અને જાહેર સ્થળોએ અવશ્ય માસ્ક પહેરવા સમજ અપાય રહી છે. ઠેર ઠેર ઉકાળા વિતરણની પ્રવૃતિ પણ કરવામાં આવી રહી છે. ઉપરાંત પંચાયતની બેઠકમાં પણ કોરોનાના કેસ વધે નહી એ માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. અને આ માટે સ્થાનિક આગેવાનોએ પણ કોરોના સંક્રમણ બાબતે લોકજાગૃતિના કામમાં જોડાવા જણાવવામાં આવ્યું હતું.

# લીમખેડાના આંતરસુબા ગામેથી બે સગીરાઓનું સાવલીના યુવકો દ્વારા અપહરણ કરાયું

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના આંતરસુબા ગામેથી એક સાથે બે સગીરાઓને પત્નિ તરીકે રાખવા સારૂ વડોદરા જિલ્લાના સાવલી ગામના બે યુવકો દ્વારા સગીરાઓનું પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં મજુસર ગામે રહેતા સંદિપભાઈ ચંદ્રસિંગભાઈ સોલંકી તથા પ્રદિપભાઈ દિલીપભાઈ મકવાણા ગત તા.૧૫મી ઓગષ્ટના રોજ લીમખેડા તાલુકામાં રહેતી એક ૧૩ વર્ષીય અને બીજી એક ૧૭ વર્ષીય એમ બે સગીરાઓને પત્નિ તરીકે રાખવાના ઈરાદે, પટાવી ફોસલાવી, લગ્નની લાલચ આપી અપહરણ કરી લઈ નાસી જતા સગીરાના વાલી વારસ દ્વારા આ સંબંધે ઉપરોક્ત બંન્ને યુવકો વિરૂધ્ધ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆના હરીઓમ નગરની પરણિતાને શારીરિક માનસીક ત્રાસ આપતાં ફરિયાદ

દે.બારીઆ,

દેવગઢ બારીઆ નગરમાં હરીઓમ નગર ખાતે રહેતી એક પરણિતાને પતિ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ અપાતા આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવ્યાનું જાણવા મળે છે. મુળ અરવલ્લી જીલ્લાના ભીલોડા તાલુકામાં ભટેડા ગામે રહેતી અને હાલ દેવગઢ બારીઆ નગરના હરીઓમ નગર વિસ્તાર ખાતે રહેતી ૪૦ વર્ષીય ગાયત્રીબેન નગીનભાઈ અસારીને તેના પતિ નગીનભાઈ દ્વારા અવાર નવાર મેણા ટોણા મારી, તું મને ગમતી નથી, મારે બીજી બૈરી લાવવાની છે, તું ઘરમાંથી નીકળી જા, તેમ કહી શારિરીક અને માનસીક ત્રાસ આપતા આ સંબંધે ગાયત્રીબેન દ્વારા પોતાના પતિ નગીનભાઈ વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆ તાલુકા ખાતે માજી સૈનિક સંગઠનની મીટીંગ યોજાઈ

દે.બારીઆ,

દાહોદ જીલ્લા ના દેવગઢ બારિયા તાલુકામાં માજી સૈનિક સંગઠન દાહોદ દ્વારા મીટીંગ યોજાઈ. જેમા ઉપસ્થિત તમામ તાલુકા ના માજી સૈનિકો વીર નારીઓ અને તાલુકા પ્રમુખ બી.વી. સલાટ ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ અને તમામ તાલુકા ના હોદ્દેદારો તેમજ ગુજરાત રાજય માજી સૈનિક સંગઠન ના ઉપપ્રમુખ દિપક ચૌધરી ગુજરાત રાજય માજી સૈનિક સંગઠન ના લીગલ એડવાઈજર ના પ્રમુખ એડવોકેટ કમલ ગુપ્તા દાહોદ જિલ્લાના કારોબારી અધ્યક્ષ રયજી મહામંત્રી પલાસ દુર્લભસિહ સહમંત્રી બળવંત લીમખેડા તાલુકા પ્રમુખ હઠીલા રતનસિહ દાહોદ તાલુકા પ્રમુખ બકોર સિંહ આ તમામ માજી સૈનિક સંગઠનના હોદ્દેદારો ા ને દાહોદ જીલ્લા ઉપપ્રમુખ પરમાર હિંમત ભાઈ દાહોદ જીલ્લા પ્રમુખ મોહનીયા શંકરભાઈ તરફથી ખુબ ખુબ આભાર માનીએ છીએ આજે મીટીંગમા તમામ વીર નારીઓ માજી સૈનિકો ઓન ડ્યુટી સૈનિકો તથા તેમના પરિવારો ને મદદરૂપ થવુ અને સરકાર તરફથી મળતા લાભો આપણ ને મળવા પાત્ર સરકારી પડતલ જમીન આવા અનેક મુદ્દાઓ વિશે માહિતી આપવામાં આવી.

# લીમખેડાના ચિલાકોટા ગામે નાણાં લેતી-દેતીમાં તીર કામઠાની હુમલો કરી ઈજાઓ પહોંચાડી

લીમખેડા,

લીમખેડા તાલુકાના ચિલાકોટા ગામે નાણાંની લેતી દેતી મામલે એકને તીરકામઠામાંથી તીર મારી હાથે,પગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતા પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે. લીમખેડા તાલુકાના ચિલાકોટા ગામે રહેતા ચંદુભાઈ ધનસુખભાઈ તડવીએ ગત તા.૦૬ સપ્ટેમ્બરના રોજ પોતાના જ ગામમાં ભુસ્કા ફળિયામાં રહેતા રમીલાબેન રાજુભાઈ તડવીના ઘરે ગયા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમોએ મારી પાસેથી રૂપીયા લીધેલા હતા તે કેમ આપતા નથી, તેમ કહેતા રમીલાબેનના પતિ રાજુભાઈએ કહેલ કે, અમોએ તમારી પાસેથી લીધેલા રૂપીયા પુરેપુરા આપી દીધેલા છે, તેમ કહેતા એકદમ ઉશ્કેરાઈ ગયેલા ચંદુભાઈએ તીરકામઠામાંથી તીર છોડી રાજુભાઈને હાથના ભાગે તથા પગના ભાગે મારી ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતા આ સંબંધે રમીલાબેન રાજુભાઈ તડવીએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 16

# ગોધરામાં પીવાનું પાણી દુષિત આવતાં નાગરિકો હેરાન

## ગત ચોમાસામાં ગ્રામ્ય વિસ્તારો રોચગાળામાં સપડાયા

ગત ચોમાસામાં નર્મદામાં પૂર આવતા પાણી સાથે માટી ઘસરાઈ રહી હતી. અને જે તે વખતે નર્મદા કેનાલ આધારીત પાણી આરોગતા ગ્રામ્ય વિસ્તારના અનેક દર્દીઓ નાની-મોટી બિમારીમાં સપડાતા ઘરે ઘરે માંદગીના ખાટલા ખડકાયા હતા. ફરી એક વર્ષ પૂર્ણ થઈને પુનઃ માટી ચુકત પાણી શહેરને વિતરણ કરીને નગરપાલિકા દ્વારા ઘરે ઘરે માંદગીના ખાટલા સર્જાવાની નોબતઆવી રહી છે. રોગચાળાની શકયતાઓ વચ્ચે ગોધરાના ૧.૫૦ લાખની વસ્તી ઋતુજન્ય રોગમાં સપડાય તેમ જોવાઈ રહ્યું છે.

- છેલ્લા કેટલાક દિવસથી કાળ અને ગંધયુકત પાણી પીવાનો વારો.
- પાલિકા દ્વારા ફટકડી તથા કલોરીન પાઉડરનો વપરાશ છતાં દહોળું પાણી વિતરણ.
- અનેક દિવસોની ફરિયાદ છતાં પાણી શુદ્ધીકરણ થતું નથી.
- ગત ચોમાસામાં ગ્રામ્ય વિસ્તારના અનેક લોકો બિમારીઓ સપડાયા હતા.
- ફરી રોગચાળા સમયે ચોખ્ખું પાણી વપરાશ નહીં થતા પુનઃ બિમારીનો કહેર.

ગોધરા, નર્મદા ડેમ આધારિત ગોધરા નગરપાલિકા હાલમાં પીવાનું પાણી છેલ્લા કેટલાક દિવસોથી દુષિત આવતા અનેક રોગચાળાને જન્મ આપે છે. પાલિકા દ્વારા ચોમાસાના સમયમાં ફટકડી તથા કલોરીનનો ઉપયોગ કરવા છતાં અશુદ્ધ આવતા પાલિકાનો ખર્ચ માથે પડયાની લાગણી અનુભવી રહ્યા છે. હવે નગરના નાગરિકો દ્વારા નિયમિતપણે વેરા ભરવા છતાં સુવિધાથી વંચિત રાખવા પાછળનું કારણ પ્રજા પ્રશ્ન પૂછી રહી છે.

ગોધરા શહેરમાં છેલ્લા ૧૦ વર્ષથી નર્મદા આધારિત નર્મદા પાણી યોજના કાર્યરત છે અને રોજીંદા ૧.૫૦ લાખ વસ્તીને પીવાનું પાણી પહોંચતું કરાતા રાહતરૂપ છે. ગોધરા નગરપાલિકા દ્વારા સવાર-સાંજ નિયમિતપણે પાણી ઘરે વિતરણ કરવા માટે નળ સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. ભારે વરસાદ થતા ઝડપી હવા ફુંકાવવાના કારણે વીજ ઘાંધીયા સર્જાવા છતાં પાલિકા એ ખર્ચો કરીને લોકોને પીવાના પાણીની સુવિધા પુરી પાડી છે. ગત અઠવાડિયામાં વીજ ઘાંધીયાની સમસ્યા સર્જાવા સિવાય કોઈ પ્રશ્નો ઊભો થયો નથી. ત્યારે છેલ્લા કેટલાક સમયથી નર્મદા કેનાલમાં માટી ચુકત પાણી વહન થઈ રહ્યું છે. અને નળ મારફતે દુષિત પાણી મળતા શહેરની ૧.૫૦ લાખ વસ્તી રોગચાળાનો ભોગ બને તેવી દહેશત વ્યાપી રહી છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા કેનાલ મારફતે પાણી ગોધરા સુધી પહોંચાવાડાય પરંતુ બે કાંઠે વહેતી નર્મદા નદીમાં પૂરની સ્થિતી સર્જાઈ રહી છે. અને મધ્યપ્રદેશના અનેક વિસ્તારોના ખેતીલક્ષી, કાંસલક્ષી, રેતીલક્ષી, ઘસરાઈને કેનાલમાં પાણી મારફતે પ્રવાહ જારી રહ્યો છે. સમગ્ર ચોમાસા દરમ્યાન ભામૈયામાં વીજપોલ ઘરાશયી થયા બાદ વીજ ઘાંધીયાના કારણે વીજળીના અભાવે પાણી બે દિવસ સુધી મળી શકાયું ન હોવાથી ભરચોમાસામાં પાણીની તકલીફ ઊભી થઈ હતી.

ગોધરા નગરપાલિકા દ્વારા નિયમિતપણે પીવાના પાણીની સુવિધા અંગે વેરો ઉઘરાવે છે. અને દર માર્ચ થી વર્ષ દરમ્યાન પૂરતી રકમ ભરપાઈ કરે છે. તેવા સમયે ગોધરા નગરપાલિકા સંચાલિત નર્મદા કેનાલમાં માટીચુકત કાંસનું પાણીનો જથ્થા બંધ પ્રવાહ રહી રહ્યો છે. દુષિત પાણી આવતા વહેલી સવારથી જ મહિલાઓમાં કકળાટ શરૂ થાય છે. અત્યંત કાળુ અને ગંધયુકત પાણીની સમસ્યાના કારણે વહેલી સવારથી જ પાણી ગરમ કરી ઉકાળવાનો વારો આવે છે. કલાકો સુધી ઉકાળીને ઠંડુ પાડયા બાદ ઉપયોગમાં લેવાનો સમય આવે છે. કલાકો બાદ દુષિત પાણીનું શુદ્ધિકરણ કર્યા બાદ વપરાશ કરાઈ રહ્યો છે. ગોધરા નગરપાલિકા ચોમાસામાં પાણીને ચોખ્ખું કરવા માટે ફટકડી અને કલોરીન પાઉડરનો ઉપયોગ કરે છે. તેમ છતાં પૂરતો વપરાશ કરતો નથી. અને લોકોને હાલમાં દુષિત પાણી પીવાનો વારો આવી રહ્યો છે. ગોધરા શહેરમાં આવેલા વિવિધ વિસ્તારોમાં હાલમાં ભરચોમાસે પાણી ચોખ્ખું નહીં આવીને દોળું તથા ગંધવાળું મળી રહ્યું છે. જેના કારણે નાના બાળકો અને મોટેરાઓ બિમારીનો ભોગ બની રહ્યા છે. હાલમાં કોરોના જેવી મહામારી ચાલી રહી છે. ત્યારે નગરપાલિકા એ શુદ્ધ પાણી પૂરુ પાડવાની જવાબદારી નિભાવવાની રહે છે. ત્યારે આવા વ્યસક લોકો જલ્દી બિમારીનો ભોગ બને છે. ડાં. દ્વારા પાણીને શુદ્ધ કરીને ઉપયોગ લેવા સુચના અપાઈ છે. અને લોકો પણ તેનો વપરાશ કરે છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી ગોધરા શહેરમાં દુષિત પાણી આવતા લોકો બિમારીનો ભોગ બને તેવી દહેશત સેવાઈ રહી છે. આથી ગોધરા નગરપાલિકા એ નર્મદા કેનાલ આધારિત પાણીને ચોખ્ખું કરીને વિતરણ કરવાની જવાબદારી છે. હવે જોવું રહ્યું કે કેટલા સમયમાં શુદ્ધયુકત પાણી વિતરણ કરે છે ?

# ગોધરા સેવા સદનમાં વર્ષ ૨૦૧૩નો સફાઈ કામદારનો ભરતી પ્રશ્ન યથાવત

- અગાઉ ભૂખ હડતાળ દરમ્યાન તંત્રએ ખાત્રી આપ્યા બાદ પણ પૂરતી જગ્યાઓ ભરપાઈ કરવા આનાકાની.
- માત્ર ૩૬ કામદારોની ભરતીના અભાવે સફાઈનો પ્રશ્ન ઉભો.

ગોધરા, ગોધરા નગર સેવા સદનમાં વર્ષ ૨૦૧૩માં ૧૦૬ સફાઈ કામદારોની ભરતીની મંજૂરી આપી હતી. આજે ૭૦ સફાઈ કામદારોને ૫ વર્ષ ઉપરાંતનો સમય પસાર થવા છતાં બાકી રહેલા ૩૬ કામદારોની ભરતી બાકી રહેતા ગોધરા શહેના વિવિધ વિસ્તારોમાં ગંદકી એ માજા મૂકતાં ફરી એકવાર આવેદનપત્ર પાઠવવામાં આવી રહ્યું છે.

ગોધરા નગરસેવા સદનમાં વર્ષ-૨૦૧૩માં સફાઈ કામદોરીની ભરતી પરમીશન મળેલી હોવાથી ૭૦ કામદારોને ફુલ પગારમાં લેવાના બાકી છે. અને ૩૬ સફાઈ કામદારો બાકી રહેલ છે. તો પરમીશન મળે છે. તો આ સફાઈ કામદારોની ભરતી કરી દેવા વિનંતી છે. સફાઈ કામદારોને છત્રી, ગણવેશ, હાથના પંજા તથા કામદારો સફાઈના દરેક સાધન આપવા માંગ છે. જો આ આવેદનપત્રના આધારે સત્વરે દિન ૭ માં કાર્યવાહી કરવામાં નહી આવે તો સફાઈ કામદારોને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડેશે. જેથી ગત સમયમાં હડતાલ પર સફાઈ કર્મચારી ઉતરેલ હતા પણ ગોધરા નગર સેવા સદન લેખિતમાં જવાબ આપેલ હતો. તે મુજબ લેખિત બાંહેધરીનો કોઈ અમલ કરેલી નથી અને વચન આપેલ હોવા છતાં વચન પાળવામાં આવેલ નથી. એટલે ગોધરા નગર સેવા સદન પર ભરોસો રાખી શકાય તેમ નથી. કામદારો ગરીબ માણસો સફાઈ કામદારોનો પગાર, પેન્શન તથા પી.એફ. બાકી નીકળતા નાણાં જે હોય તે સત્વરે ગોધરા નગર સેવા સદન અમોને ચુકવી આપે તે મુજબનો ઘટતો આદેશ કરવા સુચના અપાવી છે.

કુલ ૧૦૬ સફાઈકામદારોની ભરતી કરવાની મંજૂરી આપવામાં આવેલ હતી અને જે પૈકી ૭૦ સફાઈ કામદારોની ભરતી થયેલ છે અને તે સિવાયના ૩૬ સફાઈ કામદારોની લાંબા સમયથી ભરતી કરવાનું નગર સેવા સદન દ્વારા કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર ટાળવામાં આવે છે અને ખૂબ જ લાંબો સમય પસાર થઈ ગયો છે. અને ૩૬ જેટલા બાકી રહેલા સફાઈ કામદારોના ભવિષ્ય ઉપર અધ્ધર તલવાર તોળાઈ રહેલ છે. હોઈ સત્વરે તેમના ભવિષ્યને નજરમાં રાખી નગર સેવા સદનને તાત્કાલીક રસ દાખવીને આદેશાત્મક હુકમ ઘટતું કરવા પુનઃ વિનંતી કરાઈ રહી છે.

# પંચમહાલ જિલ્લામાં ગોધરાના સાતપુલ પ્રાથમિક શાળા ખાતેના ટેસ્ટિંગ સેન્ટરની મુલાકાત લેતા જિલ્લા વિકાસ અધિકારી


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા, પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણની ચેઈન તોડવાના હેતુથી આક્રમકપણે ટેસ્ટિંગ હાથ ધરાઈ રહ્યું છે. ત્યારે જિલ્લા વિકાસ અધિકારી એ.જે.શાહે ગોધરા શહેરના ૬ વોર્ડમાં મોટા પાયે હાથ ધરાઈ રહેલ ટેસ્ટિંગ પ્રક્રિયાની સ્થળ મુલાકાત લઈ નિરીક્ષણ કર્યુ હતું. જિલ્લા વિકાસ અધિકારીએ પ્રાંત અધિકારી ગોધરા સાથે સાતપુલ વિસ્તારની ઉર્દૂ કુમાર પ્રાથમિક શાળા ખાતેના ટેસ્ટિંગ સેન્ટરની મુલાકાત લઈ માર્ગદર્શન-સૂચના આપ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીએ ટેસ્ટિંગની પ્રક્રિયા સાથે સંકળાયેલ અધિકારીઓને સંબંધિત વિસ્તારમાં ટેસ્ટિંગ કેન્દ્રની શરૂઆત અંગે સ્થાનિકોને મોટા પાયે જાણ થાય અને તે રીતે મોટી સંખ્યામાં લોકો તેનો લાભ લઈ શકે તે જોવા નિર્દેશ કર્યો હતો. તેમણે મેડિકલ સ્કિનિંગના માધ્યમથી શરદી, ખાંસી, તાવ જેવા ફ્લુ પ્રકારના લક્ષણ ધરાવતા, કો-મોર્બિડ, સુપર સ્પ્રેડર્સ પ્રકારના વ્યક્તિઓને અચૂકપણે આવરી લઈ તેમના ટેસ્ટ કરવા અંગે સૂચના આપી હતી. ટેસ્ટિંગ ઉપરાંત લોકો સંક્રમણથી બચવા માટે માસ્કના ઉપયોગ અંગે સંવેદનશીલ બને તે માટે વિસ્તારના સ્થાનિક અગ્રણીઓને સક્રિય બનવા અને તંત્રને સહયોગ કરવા અપીલ કરી હતી. નગરજનોને આ પ્રસંગે અપીલ કરતા જણાવ્યું હતું કે લક્ષણો ધરાવતા શંકાસ્પદ દર્દીઓનું ટેસ્ટ રિઝલ્ટ નેગેટીવ આવે તો દર્દી અને આસપાસના વ્યકિતઓ નિશ્ચિંત બને છે તેમજ પોઝિટીવ આવે તો અસરકારક સારવાર હાથ ધરી શકાય છે અને અન્ય વ્યકિતઓને સંક્રમણનો ચેપ લાગવાથી બચાવી શકાય છે. તેથી કોવિડ-૧૯ સંક્રમણનું જોખમ ધરાવતા કે લક્ષણો ધરાવતા વ્યકિતઓએ ગભરાયા વગર અચૂકપણે ટેસ્ટ કરાવવો જોઈએ. ટેસ્ટ કરતા કર્મચારીઓ તેમજ આરોગ્ય અધિકારીઓને પણ ટેસ્ટિંગ સમયના પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવા તેમજ કાળજી રાખવા જણાવ્યું હતું. જિલ્લામાં સંક્રમણનો વ્યાપ અને ઝડપ ઘટાડવા વધુ કેસો ધરાવતા વિસ્તારોમાં પરીક્ષણ કેન્દ્રોની શરૂઆત કરી મોટા પાયે ટેસ્ટિંગ હાથ ધરવામાં આવી રહ્યા છે. ૨૫મી ઓગસ્ટથી ૩૦ ઓગસ્ટ સુધી ગોધરાના સૌથી વધુ કેસો ધરાવતા પાંચ વોર્ડમાં આ પ્રકારે મોટા પાયે પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા હતા. ત્યારબાદ બીજા તબક્કામાં શહેરના બાકીના ૬ વોર્ડમાં ૬ પરીક્ષણ કેન્દ્રોની શરૂઆત કરી સ્થાનિક વિસ્તારમાં સઘન મેડિકલ સ્કિનીંગ કરવામાં આવી રહ્યું છે.

## ચોમાસું પૂર્ણ : નગરપાલિકા રોડ બનાવવામાં કોની રાહ જુએ છે ?

# રાજય માર્ગ અને મકાન વિભાગે રોડ બનાવવાની કરી શરૂઆત



ચોમાસાના વરસાદના વિરામ સાથે સ્ટેટ હાઈવે માર્ગનું કાર્પેટીંગ કરીને લોકોને પડતી મુશ્કેલી દુર કરવાનો તેમજ લોકોમાં ખખડધજ માર્ગો ઉપર પડતી મુશ્કેલીઓને લઈ તંત્ર સામે ઠલવાતા રોષને ખાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પરંતુ ગોધરા નગરપાલિકા સત્તાધીશોને શહેરના ખખડધજ માર્ગો ઉપર પડેલ ખાડાઓને લઈ વાહન ચાલકો અને રાહદારીઓ પરેશાન થઈ રહ્યા છે. તેમ છતાં પાલિકા સત્તાધીશોને નગરજનોને પડતી મુશ્કેલીઓ માટે પરવાહ નથી.

- ગોધરા નગરપાલિકા નવા રસ્તા બનાવવા મૂર્હતની રાહ જુએ છે.
- છેલ્લા કેટલાક દિવસોથી ઉબડખાબડ માર્ગોને લઈને નગરજનો પરેશાન.
- ખાડા ખાબોચીયાને કારણે અને વાહન ચાલકો તેમજ રાહદારીઓ પાણીમાં ગરકાવ.
- સરકાર દ્વારા ગ્રાંટ ફાળવવા છતાં માનીતા કોન્ટ્રાકટરની રાહ જોતી પાલિકા.

ગોધરા, પંચમહાલ જીલ્લામાં વરસાદે વિરામ લેતા સ્ટેટ આર એન્ડ બી વિભાગ દ્વારા ગોધરા શહેરને જોડતા સ્ટેટ હાઈવે માર્ગ ઉપર પડેલ ખાડાઓને લઈ કામગીરી હાથ ધરી છે. અને સ્ટેટ હાઈવે માર્ગનું કાર્પટીંગ હાથ ધરવામાં આવ્યું છે. જ્યારે બીજી તરફ ગોધરા નગરપાલિકા હદ વિસ્તારના રોડ ઉપર પડેલ ખાડાઓ માટે પાલિકા સત્તાધિશો નિંદ્રાધીન અવસ્થામાં જોવા મળી રહ્યા છે.

ગોધરા શહેરમાં ચોમાસાની સીઝનમાં વરસાદને લઈને માર્ગો ઉપર મોટામસ ખાડાઓ પડી જતાં વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા હતા. ગોધરા શહેરમાં વરસાદે વિરામ લેતાંની સાથે પંચમહાલ જીલ્લા સ્ટેટ હાઈવે માર્ગોનું કાર્પેટીંગ હાથ ધરવામાં આવ્યું છે. ગોધરા શહેરને જોડતા ચર્ચ સર્કલ થી તૃપ્તી હોટલ સુધીના સ્ટેટ હાઈવે તેમજ ભુરાવાવ ચોકડી થી લુણાવાડા બાયપાસ હાઈવે સુધીના સ્ટેટ હાઈવેનું કાર્પેટીંગ હાથ ધરવામાં આવ્યું. પંચમહાલ જીલ્લા સ્ટેટ હાઈવે દ્વારા ચોમાસામાં ધોવાઈ ગયેલ માર્ગો ઉપર ૨૫ મીમીનું કાર્પેટીંગ કરવામાં આવ્યું છે. જેને લઈ વાહન ચાલકો એ રાહત અનુભવી રહ્યા છે.

ત્યારે બીજી તરફ સ્ટેટ આર એન્ડ બી દ્વારા જે સ્ટેટ હાઈવે માર્ગોનું કાર્પેટીંગ કરવામાં આવ્યું છે. તેને જોડતા ગોધરા નગરપાલિકાના માર્ગોની હાલત ખખડધજ જોવા મળી રહી છે.ગોધરા નગરપાલિકા તંત્ર શહેરના આંતરિક અને મુખ્ય માર્ગો ની મરામત કામગીરી કરવા માટે મૂર્હતની રાહ જોઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. જીલ્લા સ્ટેટ આર એન્ડ બી વિભાગ દ્વારા પાલિકાના ચુંટાયેલા સત્તાધીશો માત્ર ગોધરા શહેરના નગરજનોની ચિંતા નથી. પાલિકા સંત્તાધીશો જો શહેરના ખખડધજ માર્ગોથી છુટકારો ન આપવી શકતા હોય ત્યારે આવનાર દિવસોમાં પાલિકાની ચુંટણીમાં આવા સત્તા લાલચું નગરજનોની સુવિધાનો ખ્યાલ ન રાખતા હોય તેવા નગર સેવકોને રોડ રસ્તા અને સાફ-સફાઈ જેવા મુદ્દાઓ ઉપર નગરજનો સત્તા વિહોણા બનાવશે તેવું હાલમાં નગરજનોને પડતી મુશ્કેલીઓ ઉપરથી લાગી રહ્યું છે.

# પંચમહાલ જીલ્લામાં આજે ૩૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૧૭૩૯ થયો

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૩૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૩૪ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૧૭૩૯ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૩૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૧૯, હાલોલ-૧૦, કાલોલ-૦૪, ઘોઘંબા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૫૪ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૩૦૧.
- મૃત્યુ આંક - ૮૪.

## પંચમહાલ જીલ્લામાં આજે આવેલ પોઝીટીવ કેસ

ગોધરા-૧૯, હાલોલ-૧૯, કાલોલ-૦૪, ઘોઘંબા-૦૧.

-: ગોધરા :-

લાડુબેન ભેમાભાઈ નાઈ-૮૫ વર્ષીય પુરૂષ- બખ્ખર, રાજેશભાઈ પુનમચંદ પટેલ-૫૦ વર્ષીય પુરૂષ-શિવમ સોસાયટી, તરૂણકુમાર ડી.મલવાણી-૩૮ વર્ષીય પુરૂષ-પાવર હાઉસ, નીલેશકુમાર હિરાભાઈ રાણા-૫૩ વર્ષીય પુરૂષ-વર્ધમાન સોસાયટી, મહેન્દ્રભાઈ બાબરભાઈ ચૌહાણ-૩૬ વર્ષીય પુરૂષ-આઈટીઆઈ, રુદ્ધ સંજયકુમાર રાણા-૧૦ વર્ષીય બાળક-ઉત્તમનગર સોસાયટી, નિશા અતુલ રાણા-૩૨ વર્ષીય મહિલા-ચક્રધારી સોસાયટી, વર્ષાબેન વિજયભાઈ રાણા-૩૫ વર્ષીય મહિલા-ઉત્તમનગર, ધુળાભાઈ ગોકુલદાસ દરજી-૭૦ વર્ષીય પુરૂષ-૫૧, રેવન્યુ સોસાયટી, નિર્સગ દિનેશભાઈ પટેલ-૩૭ વર્ષીય પુરૂષ-સદાશીવ સોસાયટી-અંકલેશ્વર મહાદેવ, વંશ નિર્સગ પટેલ-૩૭ વર્ષીય પુરૂષ-સદાશીવ સોસાયટી-અંકલેશ્વર મહાદેવ, પ્રતાપસિંહ એસ. સોલંકી-૭૨ વર્ષીય પુરૂષ-વ્હોરા ચાલ-જીલ્લા પંચાયત પાછળ, મનહરલાલ અશવાણી-૫૨ વર્ષીય પુરૂષ-યોગેશ્વર સોસાયટી, દેવડા સંજય મણીલાલ-૪૦ વર્ષીય પુરૂષ-પાવર હાઉસ, સિદ્ધાર્થસિંહ ગજેન્દ્રસિંહ સોલંકી- ૨૬ વર્ષીય પુરૂષ- બી ડીવીઝન પોલીસ, મનીષ ઈન્દ્રકુમાર દેવમાણી-૩૨ વર્ષીય પુરૂષ-ઝુલેલાલ સોસાયટી, જ્યોતિષભાઈ સી.પટેલ-૫૮ વર્ષીય પુરૂષ-૪૨ પાર્વતીનગર,ઝરીનાબેન એ. કૈયામ લુહાર-૪૮ વર્ષીય મહિલા- ઉર્દૂ કુમાર શાળા, શર્મા પ્રજ્ઞેશ બાબુભાઈ-૪૦ વર્ષીય પુરૂષ-૧૯૪ મુકતાનંદ સોસાયટી-બામરોલ રોડ.

-: હાલોલ :-

દિવ્યેશભાઈ વિઠ્ઠલદાસ કાછીઆ-૫૫ વર્ષીય પુરૂષ-આમ્રપાલી સોસાયટી, સતીષભાઈ વાડીલાલ વરીઆ-૪૧ વર્ષીય પુરૂષ-નવાકુવા નિશાલ ફળીયું, રમેશચંદ્ર ભાઈલાલ પ્રજાપતિ-૪૫ વર્ષીય પુરૂષ-ગોપીનગર, સુભાષભાઈ કાંતીભાઈ પટેલ-૩૬ વર્ષીય પુરૂષ-શ્રીજી ગ્રીન કંજરી, હરીશ શના કાછીઆ-૬૦ વર્ષીય પુરૂષ- કાછીઆવાડ કંજરી, શશીકાંત વસંત નાગર-૬૯ વર્ષીય પુરૂષ- કંજરી, ચેતન જશવંત દરજી-૪૦ વર્ષીય પુરૂષ-આમ્રપાલી-૧, દરેશ ચેતન દરજી-૧૦ વર્ષીય બાળક-આમ્રપાલી-૧, દક્ષા જીતેન્દ્ર શાહ-૬૨ વર્ષીય મહિલા-એશીયાડ નગર, પંકજ સબુર બારીઆ-૩૨ વર્ષીય પુરૂષ- બી ડીવીઝન પોલીસ.

-: કાલોલ :-

ફરીદાબીબી રસુલખાન પઠાણ-૬૫ વર્ષીય મહિલા- બોરૂ ગામ, મહેશ મના પરમાર-૩૭ વર્ષીય પુરૂષ- આથમણા, અતુલકુમાર ઠાકુરલાલ શર્મા-૪૨ વર્ષીય પુરૂષ- સરસ્વતી સોસાયટી, રાજેન્દ્ર વિઠ્ઠલદાસ કાછીઆ-૪૫ વર્ષીય પુરૂષ- પાવન કોલોની ડેરોલ સ્ટેશન.

-: ઘોઘંબા :-

ચૌહાણ સુરેખાબેન અર્જુનસિંહ-૪૦ વર્ષીય મહિલા-વચાલા ફળીયું, ગુંદી.

# પ્રમુખ સી.આર.પાટીલના મુલાકાર્થીઓને શોધતી પંચમહાલ પોલીસ ?

હાલમાં ગુજરાત ભાજપાના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ નવનિયુકત થયા છે. તેઓને અભિનંદન પાઠવવા માટે સમગ્ર ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી સંનિષ્ઠ કાર્યકરો મુલાકાત માટે પડાપડી થઈ રહી છે. વહેલી સવારથી ગાંધીનગરની ભાજપા કચેરી કમલમ ખાતે મોટી સંખ્યામાં શુભેચ્છકોની હોડ જામે છે. ત્યારે તેઓને કોરોનાનો પોઝીટીવ ટેસ્ટ આવતા તેઓને હોસ્પિટલરાઈઝ દાખલ કર્યા છે. એવા સમયે પંચમહાલ જીલ્લામાંથી પણ અનેક ટિકિટવાંચ્છુકોએ તેઓની શુભેચ્છા મુલાકાત લીધી હતી. સીસીટીવી ફૂટેજમાં પંચમહાલમાંથી નામી-અનામી કાર્યકરોએ તેઓને મુલાકાત લેતા તેઓ પણ કોરોનાની બિમારીમાં સપડાવવાનો ભય સેવાઈ રહ્યો છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે કમલમમાં પંચમહાલ ભાજપા કાર્યકરોના ચહેરા ઓળખીને પોલીસ મારફતે ઘરે પહોંચીને સમગ્ર પરિવારને ટુંક સમયમાં ૧૪ દિવસ માટે હોમ કોરોન્ટાઈન કરવાના છે. આ સમાચારને પગલે પ્રમુખ સી.આર.પાટીલના મુલાકાત કરનાર પંચમહાલના ભાજપના કાર્યકર્તાઓમાં છુપાવીને કોરોનાથી બચવાના પ્રયત્નો કરાઈ રહ્યા છે. આ પૈકી કેટલાકનો રીપોર્ટ પોઝીટીવ આવતાં તેઓ શહેરની બહાર ખાનગી આરોગ્ય દવા કરાઈ રહ્યાનું પણ તેઓની ગેરહાજરીના કારણે ચર્ચાઓએ સ્થાન લીધું છે. અને કેટલાકને કોરોના ટેસ્ટ કરાવતા તેઓને પોઝીટીવ રીપોર્ટ આવ્યાનું પણ સમાચાર સાંપડયા છે. ત્યારે આ દર્દીઓ અને પ્રમુખની મુલાકાતકર્તા કોણ છે. તેમ અંદરો અંદર ભાજપના કાર્યકર્તાઓ પ્રશ્ન પૂછી રહ્યા છે.